# ઇતિહાસની તેજમૂર્તિઓ

— ધૂમકેતુ

૩



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધૂમકેતુ જન્મશતાબ્દી ગ્રંથાવલિ

# ઇતિહાસની તેજમૂર્તિઓ

## ભાગ–૩

ધૂમકેતુ

ગૂર્જર પ્રકાશન

રતનપોળ નાકા સામે • ગાંધી માર્ગ • અમદાવાદ • ૩૮૦ ૦૦૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ITIHASNI TEJMOORTIO, Stories from history by Dhoomketu. Third reprint 1958. Fifth impression, 1991 [Dhoomketu Birth Centenary Edition]. Published by Gurjar Prakashan, Gandhi Road, Ahmedabad.
Price per set of five books : Rs. 68–00

**ઇતિહાસની તેજમૂર્તિઓ**, ઐતિહાસિક પ્રસંગકથાઓ. લેખક ધૂમકેતુ. ત્રીજું પુનર્મુદ્રણ: ૧૯૫૮, ચોથું પુનર્મુદ્રણ: ૧૯૬૫,
પાંચમું પુનર્મુદ્રણ: ૧૯૯૧ [ધૂમકેતુ જન્મશતાબ્દી આવૃત્તિ]
(સર્વ હક લેખકને સ્વાધીન)

**પાંચ ભાગની શ્રેણીની કિંમત** ૨૫૦=૦૦

**: પ્રકાશક :**
મનુભાઈ ગોવિંદલાલ શાહ
ગૂર્જર પ્રકાશન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

**મુદ્રક :**
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય, ૧૯, અજય ઇન્ડ. એસ્ટેટ,
યુનિયન બેંકની પાછળ, દૂધેશ્વર રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૪

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રસ્તાવના

'જલબિંદુ'માં ચિંતનમૌક્તિકો પ્રગટ થયેલ. તેમાં સાથે થોડીક ઐતિહાસિક નવલિકાઓ પણ હતી. વધારે તો ચિંતનપ્રધાન વસ્તુઓ હતી. એ બન્ને સાહિત્યપ્રકાર ભિન્ન ભિન્ન હોવાથી, એમનો મેળ બરાબર મળતો ન હતો. આ 'ઇતિહાસની તેજમૂર્તિઓ' નામથી પ્રગટ થતા 'જલબિંદુ'ના અભિનવ સંગ્રહમાં બધી જ ઐતિહાસિક નવલિકાઓ મૂકી દીધી છે. ઘણીખરી નવી જ છે. હવે 'જલબિંદુ'માં માત્ર ચિંતન ભાગ જ હશે.

આશા છે કે આ પુસ્તક 'મેઘબિંદુ'ની પેઠે લોકપ્રિય થશે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ થઈ શકી છે, એટલે આવી પ્રસંગકથાઓ સુંદર પ્રેરણાત્મક વાચન લેખે જરૂરી જણાય છે. આના પછી 'ઇતિહાસની તેજમૂર્તિઓ'ના વિશેષ ભાગ આવશે.

કર્ણાવતી નિવાસ,<br>
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,<br>
અમદાવાદ-૭

ધૂમકેતુ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | બે દૃશ્યો | ૫ |
| ૨. | હીરો અને માનવ! | ૧૮ |
| ૩. | ન્યાય! | ૨૪ |
| ૪. | અંગુલિમાલ લૂંટારો | ૨૮ |
| ૫. | સત્યની સ્થાપના | ૬૩ |
| ૭. | શહેરની ઇજ્જત | ૭૬ |


Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

## બે દૃશ્યો



રોમનો વૈભવ એવો હતો કે જે રોમ નગરીમાં પ્રવેશ કરતો, તે એને સ્વર્ગનું ઉદ્યાન સમજતો.

એ રોમ નગરીને પણ પડતીના દિવસ આવ્યા. તે વખત ત્યાં હોનોરિયસ નામે રાજા હતો. જુવાન રાજા સુંદરતાનો શોખીન હતો. આરસના ભવ્ય મહાલયમાં એ રહેતો. એના ઉદ્યાનના જલસરોવરમાં સોનેરી-રૂપેરી માછલીઓ એવી એવી તો રમત માંડતી કે માણસ એની એ રમત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જોવા બેસે, તો દિવસ ક્યાં ગયો, તેની ખબર પણ પડે નહિ.

હોનોરિયસને પણ, એ માછલીઓને જોતાં જોતાં દિવસ ક્યાં ગયો તેની ખબર રહેતી નહિ!

કાળ કેવો અજબ જાદુગર છે? એના મહાસાગરને તરવા માણસ કેવી કેવી અજબ નૌકાઓ રાખે છે?

સોનેરી–રૂપેરી સુંદર માછલીઓ, રમ્ય ઉદ્યાનના ચાંદની જેવા શુભ્ર જલયંત્રોમાંથી ઊડતી જલધારાઓ, મનોહર ફૂલવાડીઓ, નૃત્યો, સંગીતો, શિલ્પો, ચિત્રો, રમતગમતો, આળસુ આનંદો—સઘળાં જ ત્યાં હોનોરિયસ પાસે હતાં. એના આધારે એ કાળના મહાસમુદ્રને તરી રહ્યો હતો!

પણ એક દિવસ એક સંદેશો લઈને કોઈ ઉતાવળો રાજદૂત ત્યાં રાજમહાલયમાં આવી ચડ્યો.

જંગલી લોકોનાં ટોળાં રોમનોને પર્વતોમાંથી ઉઠાવી રહ્યાં હતાં, અને એ રોમ તરફ આગળ વધી રહ્યાં હતાં.

સંદેશો લઈને દૂત આવ્યો. એને મહારાજાને મળવું હતું. વાત કરવી હતી. આજ્ઞા લેવી હતી. પણ દ્વારપાલે તેને રોક્યો: 'મહારાજા સૂતા છે. મહારાજા નિદ્રામાં હોય ત્યારે કોઈથી અંદર જવાતું નથી!'

'અરે! પણ આ તો નિદ્રા ઉડાડી દે, તેવા સમાચાર છે. મને અંદર જવા દો!'

'ગમે તે હો—કોઈ અંદર જઈ શકતું નથી. નિદ્રા, એ નિદ્રા છે!'

એટલામાં તો બહાર લોકોનાં ટોળેટોળાં દેખાવા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મંડયાં. તે બધા અત્યાર સુધી રોમ શહેરમાં નિશ્ચિંતપણે આનંદવિલાસ કરતાં હતાં. રાજ ચાલતું હતું. સંદેશાઓ જતા–આવતા હતા. સૈનિકો દેખાતા હતા. સેનાપતિઓ નજરે પડતા હતા. પૈસા પૈસાને લાવતા હતા. પૈસા બધું ખરીદતા હતા. બધા આનંદ, વિનોદ, આમોદ, પ્રમોદ કરતા હતા. બધે સુંદરતા જણાતી હતી.

આજે અચાનક જ આ અ–સુંદર સમાચાર મળ્યા કે જંગલી લોકોને કાંઈક જોઈએ છે. અને એટલા માટે તે રોમ તરફ ધસી રહ્યા છે!

બધે પૂછપરછ થઈ રહી : 'મહારાજા કયાં છે? મહારાજા કયાં છે?'

પણ મહારાજા તો અંદર સૂતા હતા. થોડી વાર થઈ. બીજો સંદેશો આવ્યો : 'ઉત્તર વિભાગમાંથી જંગલીઓનો રાજા એલારિક ચડી આવે છે.'

બધા વ્યાકુળ થઈ ગયા. પણ તરત જ પાછા મૂર્ખાઓનાં સ્વપ્નાં એ શોધવા મંડયા. એમની પાસે બુદ્ધિમાં બુદ્ધિ એ જ રહી હતી. મૂર્ખાઓનાં ખોટાં સ્વપ્નાંની!

એ બધા અંદરઅંદર બોલવા મંડયા : 'કાંઈ ફિકર નહિ. કાંઈ ચિંતા નહિ. મહારાજા એની યુક્તિ શોધી કાઢશે. મહારાજા એને પાછો વાળશે. એવા જંગલીનું મોં કેવડુંક હશે?'

થોડી વાર થઈ ને મહારાજા મહેલમાંથી બહાર આવ્યા.

વિશ્વવિખ્યાત રોમન સામ્રાજ્યનો એ છેલ્લો મહાન પ્રતિનિધિ હતો. એની પાસે એના પૂર્વજોની બુદ્ધિ ન હતી,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શક્તિ ન હતી; પણ ગર્વ હતો, દેખાવ હતો, દમામ હતો, ભભકો હતો. તેની આસપાસ સેંકડો સૈનિકો હતા. તે બહાર નીકળીને પાલખીમાં બેઠો. પાલખી તરત જ ઊપડી, અને જોતજોતામાં એ અદૃશ્ય થઈ ગઈ.

મહારાજા કાંઈક જુક્તિ કરશે—એ માન્યતામાં લોક મોં વકાસીને એને જતો જોઈ રહ્યા.

પછી જ એમને ખબર પડી કે, મહારાજા તો રોમ નગરીને જ તજી જતા હતા.

રોમ અને રોમન—એક વખતનાં આખા વિશ્વનાં બે કીર્તિવંત નામો, ત્યાં નિરાધાર ઊભાં હતાં!

બહારથી રોમમાં આવવાનો રસ્તો કેટલો સુંદર હતો?

પથ્થરની એ સુંદર ફરસબંધી ઉપર થઈને, વગર હરકતે, વગર જોખમે, દુશ્મનોએ રોમની પડોશમાં જ પડાવ નાખ્યો.

આખી રાત 'હજી મહારાજ જુક્તિ કરશે' એ આશાના તંતુ ઉપર ટિંગાઈ રહેલા રોમનોએ રોમની ચારે તરફ દુશ્મન સૈન્યનાં તાપણાં જોયાં કર્યાં. રોમ નગરની ચારે તરફ દુશ્મનો હતા.

થોડા જ દિવસમાં ખોરાકની તંગી પડવા માંડી, અને રોમનો વધારે વખત કિલ્લામાં ટકવાના તો હતા જ નહિ.

તરત મહાન રોમનોની સભા મળી. જે સભામાં જુલિયસ સીઝર, ઓગસ્ટસ ને સિસેરો જેવાએ, દુનિયાનાં નસીબ ઘડયાં હતાં, તે જ સભામાં રોમનો પોતાનાં નસીબ ઘડવા ભેગા થયા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માણસો બોલતા હતા કે કાળની બલિહારી છે, અને કાળ બોલી રહ્યો હતો કે માણસોની બલિહારી છે.

'ખોરાક વિના ભૂખે મરી જવાશે!' એક જણો બોલ્યો: 'ત્રણ દિવસ થયા મેં મીઠું ભોજન લીધું નથી!'

'તમે તો લીધું નહિ હોય, પણ અમે તો જોયું પણ નથી!'

'સંધિ કરો, સંધિ કરો, આ જંગલીનાં પેટ કેવડાંક હશે-? સંધિ કરો–' ચારે તરફથી રોટી ઉપર જ જીવતા માણસો બોલી રહ્યા હતા.

'પૈસા–બૈસા થોડા એના મોંમાં બાળો—એ બીજું શું માગવાનો હતો?....' એક બીજો નાગરિક બગાસાં ખાતો બોલી રહ્યો હતો.

બે મુખ્ય રોમન—જોહ્ન અને બાઝીલિયસ—એલારિકને મળવા માટે, નગર બહાર ગયા.

એ ઊંચા, પડછંદ, ગૌરવર્ણના જંગલી રાજાનું સ્નાયુબદ્ધ શરીર જોઈને એ દંગ થઈ ગયા.

'તમે કોણ છો?' તેણે રોમનોને પૂછ્યું.

'અમે?' જોહ્નમાં હજી રોમનનો ગર્વ હતો. તેણે પોતાનો રેશમી ઝભ્ભો ઊંચકતાં કહ્યું: 'અમે? અમે રોમના અમીરો છીએ. તમારી પાસે સંધિ કરવા આવ્યા છીએ.'

'તમારે શું કહેવું છે?'

'શું કહેવું છે?' રોમન અમીરનું માથું ગર્વમાં ઊંચું થયું. 'કહેવાનું આટલું જ. સંધિ કરો........અને નહિ........'

'અને નહિતર શું?' જંગલી રાજાએ મશ્કરીમાં જ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂછ્યું : 'અને નહિતર શું ? તમે શું કરશો ? તમે શું કરી નાખશો ?'

જોહ્‌ન ગોખેલું વાક્ય સડસડાટ બોલી ગયો : 'નહિતર એક પણ રોમન બચ્ચો લડ્યા વિના નહિ રહે !'

બેદરકારી ભરેલું મોટું હાસ્ય એલારિક હસી રહ્યો : 'હા....હા....હા....' અને હસતાં હસતાં જ તે બોલ્યો : 'ઘાસ કાપવાની મજા ત્યારે પડે છે, જ્યારે એ ઘાટું હોય છે !'

જોહ્‌ન તો ભાષણનો આત્મા હતો. તેણે જે જોર સેનેટનાં ભાષણોમાં વાપર્યું હતું, જે શબ્દોએ એને તાળીઓ અપાવી હતી, તે જ શબ્દો, એણે આંહીં વાપર્યા હતા.

પણ આંહીં તો તાળીઓને બદલે, ઠંડું મશ્કરી ભરેલું હાસ્ય મળી રહ્યું હતું.

આ શાનો ફેરફાર હતો તે તે સમજી શક્યો નહિ. પણ એ જંગલીથી ધ્રૂજી ઊઠ્યો.

એટલામાં એક હાથ ઊંચો કરીને જાણે હવાને થંભાવી દેતો હોય તેમ, જંગલીઓનો નાયક બોલ્યો : 'સાંભળ, રોમન અમીર ! રોમ સાથેની મારી સંધિની શરતો જાણી લે, પછી તારી સભામાં જઈને તારે જેમ ભાષણ કરવું હોય તેમ ભાષણ કરજે. રોમન લોકો, હવે સોનું, રૂપું, મોતી, માણેક, જવાહિર સાચવી નહિ શકે. બીજા લૂંટી જાય, તે પહેલાં અમને એ સોંપી દો.'

'જે જે અમારા જાતભાઈઓ તમારે ત્યાં ગુલામ છે, તેમને છોડી દ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'એમના લોહીમાંથી તમને જોઈએ તેટલો રસ મળી ચૂકયો છે. હવે એ લોહી મોંઘું પડશે.'

જોહ્ને પોતાના રેશમી ઝભ્ભાથી મોં ઢાંકી દીધું. રોમની જમીન અને ઘર સિવાય બીજું બધું જ આ લૂંટારુ લઈ જતો હતો. હવે પછી રોમમાં સુંદર ઘોળા ઘોડા જોડેલા રથ, ને રેશમી રાશથી કાબૂમાં રહેતા અરબી ઘોડા, નજરે નહિ પડે !

હવે પછી હિંદનાં મૂલ્યવાન મોતીની લટકતી માળા પહેરેલી સુંદર રોમન સ્ત્રીઓ શોધી નહિ જડે ! લક્ષ્મી-વિહોણી રોમનગરી ખંડેરના પડછાયા જેવી શૂન્ય બની રહેશે !

જોહ્ને એક ધ્રૂસકું મૂકયું. પણ તે સ્વાતંત્ર્ય જવાથી રડતો ન હતો—પોતાનો વિલાસ જવાથી, એ વિલાસને એ રડી રહ્યો હતો.

પાળેલી, પોષેલી, લાલનપાલન કરેલી ઇન્દ્રિયો એને ગરીબાઈની ઊંડી ભીષણ ખીણ દેખાડી રહી હતી. પછી જેમણે ધરતીને ખૂણેખૂણેથી અઢળક ધન રોમમાં ભેગું કર્યું હતું, જેમના નામ માત્રમાં એક પ્રકારની ભવ્યતા હતી, જેમના એક ખાણાનો ખર્ચ લાખો ઉપર ગણાતો હતો, જેમના વૈભવ પાસે દરેક દેશ ઝાંખો પડયો હતો, જેમણે સૃષ્ટિ ઉપર એકચક્રે સત્તા ચલાવી હતી, તે રોમન લોકોએ આ શરતો સ્વીકારી લીધી—ધ્રૂજતે પગે ને થરથરતે હૃદયે; આ શરતો મળી ગઈ, એને મહાભાગ્ય માનતા નિર્માલ્ય હૈયે.

ખાસ્સું પાંચ હજાર શેર સોનું, ત્રીસ હજાર શેર રૂપું,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાંચ હજાર રેશમી જરિયન તાકા, અને ત્રણ હજાર શેર મરી—એ લઈને ગુલામોની કતારની હાર નગર બહાર નીકળી.

ગાડાનાં ગાડાં ધન નગર બહાર જવા માંડ્યું.

પછી જંગલી લોકો—ગોથ લોકો—એ લઈને ચાલ્યા ગયા.

પણ એ ગયા તેવા જ રોમનો બધું ભૂલી ગયા. એ ઘણું લઈ ગયા હતા, છતાં હજી ઘણું રહ્યું હતું.

આખી રોમનગરીમાં પાછો વિલાસનો આનંદ છવાઈ ગયો. સૌ એકબીજાને અભિનંદન આપવા લાગ્યા.

'ઠીક થયું, મારા ભાઈ! આપણે બચી ગયા!'

'હા હા, બચી ગયા!'

'બચી ગયા શું, જીવતા રહી ગયા!'

'અરે! આ બધું તો કાલે પાછું ફરશે!'

'સારું થયું આપણે બચી ગયા!' આખી રોમ નગરી નિર્માલ્ય શબ્દોના વિલાસી પડઘાથી ગાજવા માંડી.

પણ ત્યાર પછી ધીમે ધીમે રોમ નગરીને તજી દઈને ભાગી છૂટવાની સ્પર્ધા ચાલી. મરેલી માને કોણ ધાવે છે? મરેલી નગરીને કોણ સંભારે છે?

જે શ્રીમંતો હતા તે સૌથી પહેલા ભાગ્યા. પોતાની ઘરવખરી જે કાંઈ ભેગી થાય તે ભેગી કરીને એ ભાગી છૂટવા માગતા હતા. વળી ક્યાંય બીજે વસીને એ જીવન ગાળી નાખવાની વેતરણમાં પડ્યા હતા. જેવી આ નગરી હતી, તેવી જ બીજે જમીન હતી. સબ ભૂમિ ગોપાલની હોય કે નહિ, પણ લક્ષ્મીની તો હતી. કારણ કે છેવટે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તો જીવવું એ જ મોટામાં મોટો લાભ ન હતો? આ રીતે કે તે રીતે—એની ગડમથલમાં એ કોઈ પડવા માગતા ન હતા.

એ વખતે રોમમાં એક બાઈ રહેતી હતી. તેનું નામ માર્સેલા. તે વિધવા હતી. એક વખતે એ પણ શ્રીમંત હતી, અને શ્રીમંતની શ્રીમંત હતી. પણ એણે વર્ષો પહેલાં જોયું હતું કે માત્ર સંગ્રાહક થવું, એ જ શ્રીમંતાઈ છે, એવા ખોટા ખ્યાલથી લોકો હેરાન હેરાન થઈ રહ્યા છે, એમાંથી એ વિલાસી થતા જાય છે, અને નિર્માલ્યતા મેળવતા જાય છે–તનની, મનની, આત્માની.

એટલે એણે ધીમે ધીમે પોતાની જરૂરિયાતો જ ઓછી કરવા માંડી. એ સમજી ગઈ હતી કે જરૂરિયાતો ઓછી તે જ કરી શકે, જે શ્રીમંતાઈને સમજી શકે. અને એણે સ્વેચ્છાપૂર્વક સાદાઈને જીવનમાં મહત્ત્વનું સ્થાન આપી જીવન તદ્દન સાદું કરી નાખ્યું હતું, છતાં એ એક વખત શ્રીમંત હતી, તે કોઈ ભૂલ્યું ન હતું.

એટલે જ્યારે બધા શ્રીમંતો ભાગવા માંડ્યા, ત્યારે એમણે માર્સેલાને સંભારી. અને એની પુત્રી પ્રિન્સપ્રિયાને પણ યાદ કરી. એ એમને પણ ભાગી જવાનું કહેવા માટે આવ્યા હતા. રોમ નગરીને તજી દેવાની વાત હતી, કારણ કે રોમ નગરીમાં હવે કાંઈ ન હતું, અને લૂંટારુઓ ફરી ફરીને આવવાના હતા.

'માર્સેલા!' તેમણે કહ્યું, 'તું પણ અમારી સાથે ચાલ. ગોથ લોકો પાછા આવશે જ. એ વખતે બહુ બહુ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તો આપણું જીવન બચે, પણ આપણી તમામ સંપત્તિ એ લૂંટી જવાના, ને સંપત્તિ વિનાના એકલા જીવનને શું કરવું છે? સિક્કા વિનાનું જીવન એ તો પ્રાણ વિનાના શરીર જેવું છે. માટે ચાલ, આપણે જતા રહીએ. જ્યાં ભગવાન જિસસ ક્રાઈસ્ટનો જન્મ થયો છે, જ્યાં અખંડ શાંતિ વસે છે, એ બેથલેહેમમાં જઈને વસીએ. આપણે ધર્મકાર્ય કરતા રહીશું, ને ત્યાં નિરાંતે રહી શકીશું!'

માર્સેલાએ જવાબ વાળ્યો: 'તમારે જવું હોય તો તમે જાઓ, પણ મેં જે નગરીમાં જન્મ લીધો છે, જ્યાં આટલા દિવસ મેં સુખ ભોગવ્યાં છે, તે નગરીને હું તો વિપત્તિને વખતે તજીશ નહિ. એ નગરીની ને એના નાગરિકોની જે અવસ્થા થાય, તે ભલે મારી પણ થાય. આ મહાન નગરીનો વિશ્વાસઘાત કરીને, હું ક્યાંય સુખી થઈ શકું નહિ.

'ભયંકરમાં ભયંકર વિપત્તિ વખતે પણ હું તો આંહીં જ હોઈશ. ને જે મારે ભાગે સહેવાનું આવશે તે સહીશ. સાથે શૌર્ય કરવાનું તેજ ન રહ્યું હોય તોપણ, જો સાથે સહન કરવાનું માનવહૃદય રહ્યું હશે, તો હજી આ નગરી બચી શકશે.'

માર્સેલાને ઘેલી થઈ ગયેલી માનીને એના મિત્રો, સગાંસંબંધીઓ, શ્રીમંત–ઓળખીતાઓ એક પછી એક ચાલ્યાં ગયાં.

ફરીને એક દિવસ રોમનગરીને ફરતાં દુશ્મનોનાં તાપણાં દેખાયાં, ને નગરીમાં ગભરાટ છૂટ્યો.

પરંતુ, રોમ નગરીને ઘેરીને પડયા રહેવાની ઇચ્છાથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એલારિક આવ્યો ન હતો. એને તો રોમનગરીનું સોનું આકર્ષી રહ્યું હતું, અને તે પણ સોંઘું મળતું સોનું !

એણે પોતાના સૈનિકોને ભેગા કર્યા. તેમને આજ્ઞા આપી :

'આજે ચંદ્રોદય વખતે રોમનગરીના મુખ્ય દ્વારમાં-થી જ આપણે પ્રવેશ કરવાનો છે. આ વખતે જે બહાદુરી બતાવશે, તેની યશગાથા દિવસો સુધી ગવાતી રહેશે.'

અજબ જેવી શાંતિથી સૌ સાંભળી રહ્યા.

એલારિકે આગળ ચલાવ્યું : 'મારી બીજી આજ્ઞા એ છે કે કોઈ પણ દેવળને હાથ લગાડવાનો નથી. બીજે પણ, લક્ષ્મી સિવાય બીજું કાંઈ લેવાનું નથી.

'અને ત્રીજી વાત : ત્રીજે દિવસે સંધ્યા સમયે, દરેકેદરેક ગોથે, નગર તજી દેવાનું છે–ગમે તે થાય, ને ગમે તેટલી સમૃદ્ધિ રહી જાય, પણ ત્રીજા દિવસની સંધ્યા સમયે એક પણ ગોથ નગરીમાં રહેવો ન જોઈએ.'

ચંદ્રોદય સમયે માર્સેલાએ પોતાની બારીમાંથી જંગલી-ઓનાં ટોળેટોળાંને રોમ નગરીમાં પ્રવેશતાં જોયાં. તેણે પોતાની પુત્રી પ્રિન્સીપિયાને કહ્યું : 'દીકરી ! હવે કટોકટીનો સમય આવ્યો છે !'

શેરીએ શેરીએ ને ઘરે ઘરે જંગલીઓ ઘૂમવા લાગ્યા. જે હાથ પડે તે ઉપાડી લેવા લાગ્યા. મોતીઓની માળાઓ, હીરા, માણેક, રત્નો, જવાહિર, સોનું, રૂપું; આ બધી જ વસ્તુઓ, નિર્માલ્યોના હાથમાં હોય તો વધુ આકર્ષક લાગે, તેમ જંગલીઓને એ વધુ આકર્ષક લાગતી ગઈ, ને તેના ઢગલા થવા માંડ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માર્સેલાએ કાંઈ પણ લઈને ભાગી જવાની કોશિશ ન કરી, તેમ જ જંગલીઓને હાથે બીજાના ઘરની પેઠે પોતાનું ઘર પણ લૂંટાવા દીધું.

અત્યારે બચાવવું, એ મોટામાં મોટો દ્રોહ હતો.

એણે સૌની સાથે પોતાની પણ આકરી કસોટી થવા દીધી.

પણ જ્યારે સૈનિકોમાંના કોઈએ એની પુત્રી પ્રિન્સીપિયાને સ્પર્શ કર્યો, ત્યારે જેમ જંગલી, ઝનૂની, મરણકાંઠે બેઠેલી વાઘણ તૂટી પડે તેમ ડોશી તૂટી પડી! એની એ શક્તિ જોઈને ઘડીભર તો જંગલીઓ પણ ડઘાઈ ગયા.

અને પછી એ મા–દીકરી બન્નેને દેવળમાં પૂરી દેવામાં આવ્યાં કે જેથી કોઈ એમને હરકત કરે નહિ.

ત્રીજે દિવસે સંધ્યા સમયે, ગોથ લોકો ગાન ગાતા ગાતા વેરાન રોમ નગરીને છોડીને જતા હતા!

દરેકેદરેકના હાથમાં કાંઈ ને કાંઈ મૂલ્યવાન વસ્તુ પડી હતી. સોનાની થાળી, રૂપાનાં વાસણો, મોતીની માળાઓ, હીરાકણીની વીંટીઓ, રત્નોના હાર, માણેકનાં નંગ—જે જેના હાથમાં, તે તેના સાથમાં—એવી વાત હતી.

આનંદગાન ગાતા ગાતા તે નગરીની બહાર જઈ રહ્યા હતા.

દૂર દૂરની ડુંગરમાળાઓમાંથી એમના ગીતના પડઘાઓ આવી રહ્યા હતા. જ્યારે એ પડઘા પણ શમી ગયા, ત્યારે ભયભીત નગરજનો બહાર નીકળ્યા, ને એકબીજાને જીવી જવા માટે અભિનંદન આપવા મંડ્યા!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એમની એ વાણી સાંભળીને, ખંડેરનું પણ ખંડેર હોય તેવી, એક વખતની મહાન રોમ નગરી, લક્ષ્મીવિહોણી, વીરત્વવિહોણી, તેજવિહોણી, રાત્રોના અંધારામાં પોતાનું મોં લજ્જાથી છુપાવતી છુપાવતી છાનાં આંસુ સારી રહી હતી!

એ વખતે પોતાના ઘરખંડેરમાં પાછી ફરતી માર્સેલા પોતાની દીકરી પ્રિન્સીપિયાને કહી રહી હતી:

'દીકરી! જે નગરી માનવતા તજે છે, તેને બધાં જ તજે છે. સાચાં મોતીને મદ્યાર્કમાં પી જતાં કોઈ વિલાસી રોમને, કોઈ દિવસ કોઈ ગુલામને પૂછ્યું હતું કે આજે તેં શું ખાધું છે? એ વસ્તુએ આ ખંડેર સર્જ્યાં છે, પણ તે એટલા માટે કે, એ ખંડેર પાછાં જીવન સરજે!

'આપણે આપણા ભગ્નઘરને અને ખંડેર નગરીને, ચાલ, ફરીને સરજીએ!'



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# હીરો અને માનવ !



મયૂરાસન, કોહિનૂર હીરો, અનેક રત્નો, માણેક, મોતી, જવાહીર, સોનું-રૂપું, પચાસ-પોણોસો કરોડ જેટલી લૂંટ લઈને નાદિરશાહ હિંદમાંથી રવાના થયો હતો. તેની સાથે લૂંટમાં મેળવેલા ત્રણસો હાથી હતા. દસ હજાર ઘોડાં હતાં. દસ હજાર ઊંટ હતાં. એણે પોતાની સાથે ૧૩૦ હિસાબનવેશોને પણ લીધા હતા. એમની હિસાબ રાખવાની રીત એને પસંદ પડી ગઈ હતી !

એ જ પ્રમાણે ૩૦૦ કડિયા લીધા હતા. ૨૦૦ સોની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લીધા હતા. ૨૦૦ સુતાર લીધા. ૨૦૦ લુહાર. ૧૦૦ પથ્થર ફોડા. એને પોતાને ત્યાં દીવાનેખાસ ને દીવાનેઆમ ઊભાં કરવાં હતાં. જંગલી, હિંદને જીતી ગયો; પણ જંગલીના દિલને, હિંદ જીતી ગયું! કલા, કૌશલ્ય, નૃત્ય, સંગીત—દિલ્હીના ચાળીસ દિવસના રહેઠાણ દરમ્યાન એણે એવી મિજલસો જોઈ કે એને ત્યાં આ બધું હોય તો જ એ શાહનો શાહ—નહિતર તો એ એક લડવૈયો—એમ એને થઈ ગયું. દિલ્હીની વિખ્યાત નર્તિકા નૂરબાઈનું નૃત્ય જોઈને તો એનું હૃદય પાણી પાણી થઈ ગયું. એ નૂરબાઈને પણ ઈરાન લઈ જવા ઇચ્છતો હતો. પણ એ બહાનાં બતાવીને માંડ માંડ છૂટી ગઈ. પણ શિલ્પીઓ, સુતારો, લુહારો, કલાકારીગરી જાણનારાઓમાંથી તો એણે, ચૂંટીચૂંટીને માણસો ભેગાં કર્યાં. એ બધાં એની સાથે હતાં. એ કેદી ન હતાં —પણ એમના દિલને દેશ છોડવાનો ભારે આઘાત લાગી ગયો હતો. એ મૂંગાં બની ગયાં હતાં. એમના દિલમાં કેવળ હતાશા હતી. એમને સુખરૂપ મુસાફરી માટે ઘોડાં આપ્યાં હતાં. રહેવાનો પણ બંદોબસ્ત બરાબર હતો. ત્રણ વર્ષ પછી એમને હિંદ પાછા આવવાની કબૂલાત પણ નાદીરે આપી હતી, પણ જે માણસે મહમ્મદશાહ જેવા મહમ્મદશાહને આપેલું વચન ફોક કર્યું, ને દિલ્હી લૂંટ્યું, તેના વચનનો શો ભરોસો? પચાસ લાખ લઈને પાછા ફરવાની વાતને એણે જ પચાસ કરોડની લૂંટમાં ફેરવી ન નાખી? એનો શો ભરોસો?

દિલ્હીથી સાથે લેવાયેલા બીજા કેદીઓ તો જીવતે-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જીવત નરકમાં હોય એમ એમને લાગતું હતું. પણ આપઘાત સિવાય એમને હવે કોણ ઉગારે તેમ હતું ? ને આપઘાત કર્યા પછી તો પાછળ રહેનારા કુટુંબીજનોને કોણ જાણે કેવી યાતના સહેવી પડે, તે કોણ કહી શકે ?

આવી ભયંકર સ્થિતિમાં અનેક શોકઘેરા દિલ્હીવાસીઓ ઈરાનમાં જઈ રહ્યા હતા. એ તો હિંદમાં જેટલી પળ જાય, એ દરેક પળને પણ, અમૂલ્ય ગણી રહ્યા હતા !

એમ કરતાં કરતાં લાહોર મુલતાનનો પ્રદેશ આવ્યો. લાહોર મુલતાનનો સૂબો ઝકરિયાખાન હતો. એ નાદીરશાહની સેવા ઉઠાવવામાં ખડેપગે હાજર થઈ ગયો. રાત–દિવસ જ્યારે જુઓ ત્યારે એ ખડે પગે હાજર જ હોય. ચિનાબ નદી ઓળંગતાં બે હજાર ઈરાનીઓ હોડી–હોનારતોમાં ડૂબી ગયા, ત્યારે ઝકરિયાખાને દિવસરાત એક કરીને, બીજી સારી મોટી નવી હોડીઓ હાજર કરી દીધી, ને પોતે જાતે ત્યાં હાજર રહીને, શહેનશાહના સૈનિકોને સહીસલામત નદી પાર કરાવી !

ઉનાળાનો સમય હતો અને એક તરફથી ગરમી, અને બીજી તરફથી નદીનાં ગાંડાં પૂર—એ વખતે નાદીરને પણ ભય લાગ્યો કે, આમાં જો કોઈ વિશ્વાસઘાત કરી બેસે તો મોટી હોનારત થતાં વાર ન લાગે.

પણ ઝકરિયાખાનની વિશ્વાસભરી સેવાથી એ ખુશ ખુશ થઈ ગયો.

હિંદનો પ્રદેશ છોડી જતાં પહેલાં એણે ઝકરિયાખાનને છેલ્લે છેલ્લે મળવા માટે બોલાવ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એને માનપાન આપ્યું. જરિયાન વસ્ત્રાભૂષણની ભેટ આપી. દિલ્હીના બાદશાહ ઉપર એની ભલામણ કરતો પત્ર આપ્યો, અને પછી એને જે ગમે તે માગી લેવાનું કહ્યું.

ઝકરિયાખાન ઉપર શહેનશાહે વરસાવેલી, આ મહેરબાનીથી એના પોતાના જ અમીર ઉમરાવ ધ્રૂજી ઊઠયા. ગમે તે માગવાનું શહેનશાહે કહ્યું હતું, અને આ સૂબો કોહિનૂર હીરો માગશે તો? મયૂરાસનની ભેટ આપવાનું કહેશે તો?

તે વખતે કાં વચન ભંગ કરવું પડશે, કાં આ સૂબાને એ આપવું પડશે.

અમીર–ઉમરાવોને ચિંતા થઈ પડી કે આ ઝકરિયા-ખાન શુંનું શું માગી બેસશે!

એટલામાં તો નાદીરશાહે એને, ફરીને ખાતરી આપતો હોય તેમ કહ્યું: 'દિલમાં સહેજ પણ અંદેશો રાખતા નહિ, સૂબેદાર! જે દિલ ચાહે તે માગી લો. તમને એ મળશે જ મળશે!'

પણ ઝકરિયાખાનના દિલમાં એક તુમુલ યુદ્ધ મચી ગયું હતું. પોતે કોહિનૂર માગે તો ઈરાનનો શહેનશાહ ના પાડતાં લજવાય, એવી ખાતરી એણે આપી દીધી હતી. મયૂરાસન કે કોહિનૂર એ હિન્દની ઇજ્જતની મહામોલી ચીજો હતી. દિલ્હીના મહમ્મદશાહની, એ પાછા મેળવ્યાની ખુશાલી જેવીતેવી નહિ હોય! અને પોતાનું પણ નસીબ ખૂલી જાય, તો પોતે વજીરપદે સ્થપાઈ જાય! અત્યારે તક હતી.

જંગલી બાદશાહની આંખમાં પણ ખુશખુશાલ થયેલા

Ac. Gunratnasuri MS                                   Jin Gun Aradhak Trust

દિલની રોશની દેખાતી હતી. એણે ત્રીજી વખત પણ ખાતરી આપી : ‘ સૂબેદાર ! દિલ ચાહ્ય તે માગી લો.’ ઝકરિયાખાનના દિલમાં યુદ્ધ મચી ગયું. એક તરફ અનેક રત્નોના તેજથી શોભીતું મયૂરાસન હતું, કોહિનૂર હીરો હતો—અને બીજી બાજુ હતાશ થયેલા સેંકડો દેશબંધુઓની આંસુભરેલી આંખો હતી. સેંકડો દિલ્હીવાસીઓને એણે આ ચાલીસ દિવસોના આંહીંના મુકામમાં હમેશાં મૃત્યુને માટે પ્રાર્થના કરતા જોયા હતા ! એમનાં બાળબચ્ચાં, ઓરાં, એમનાં સગાંસંબંધી, બધું છોડીને દેશ તજતાં, એમના દિલના ટુકડા થઈ જતા હતા, એમને માત્ર મરણ જોઈતું હતું !

ઝકરિયાખાનની સામે સેંકડો આંસુભરી આંખો આવી ગઈ.

એણે અત્યંત અદબભરી કુર્નિશ બજાવીને કહ્યું : શાહેઆલમ ! જો જહાંપનાહની ગુલામ ઉપર અમી નઝર થવાની જ હોય, તો એક ચીજની દિલચસ્પી ગુલામને સતાવી રહી છે, એ ચીજની નવાજેશ ગુલામને કરવાનું શાહી ફરમાન થાય એટલી જ અર્જ છે !’

‘ કઈ ચીજ માગો છો, સૂબેદાર ?’

‘ શાહેઆલમ ! દિલ્હીના તમામ બંદીવાનોને—સાથે આવનારાઓને છોડી મૂકવાનું શાહેઆલમનું ફરમાન થાય, એટલી જ ગુલામની માગણી છે !’

‘ પણ તમારે બીજું કાંઈ જોઈતું નથી ?’

‘ જહાંપનાહ ! બંદાને બીજી કોઈ ખ્વાહિશ નથી !’

નાદીરશાહ, આ ઉદારતા ભરેલી, દેશજનો પ્રત્યેની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રીતિથી, ઘડીભર ચકિત થઈ ગયો. તેણે તરત હુકમ કર્યો : 'દિલ્હીની તમામ રૈયતને એકદમ છોડી મૂકો. પછી જેમને આવવું હોય, તેમને આવવાની છૂટ આપો.'

આ રહેમતભરી નવાજેશની વાત સાંભળતાં જ, ઝક-રિયાખાનની આંખમાંથી આભારનાં આંસુ નીકળી પડયાં!

ભીષણ યુદ્ધની વચ્ચે પણ, માનવતા જીવંત હતી! અને માનવતાએ માનવતાને જગાડી હતી.

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

## ન્યાય !



નાના સરખા શાલિવાહનની ન્યાયશક્તિની પ્રશંસા ઘેર ઘેર થાય. જે વાત બીજાને કોયડા જેવી લાગે, તેનો ઉકેલ શાલિવાહન પાસે તૈયાર હોય. એની પાસે એવી તત્કાલબુદ્ધિ.

હવે એક વખત એવું બન્યું કે એક ધનાઢ્ય શ્રેષ્ઠી મરણપથારી ઉપર પડયો. તેણે પોતાના મૃત્યુપલંગ પાસે પોતાના ચારે પુત્રોને બોલાવ્યા. ધીમેથી તેઓને કહ્યું : ' દીકરાઓ ! આ દેહનો હવે ભરોંસો નથી. ગમે તે પળે, એ પડી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જશે, પણ મારા મરણ પછી, તમે આ મારા પલંગના ચારે પાયા નીચે ખોદજો. દરેકનો એક એક નોખનોખો ભાગ મેં ત્યાં મૂકેલ છે. એ પ્રમાણે દરેક જણ પોતપોતાનો ભાગ લઈ લેજો.'

આમ કહીને શ્રેષ્ઠી તો મરણ પામ્યા. પછી ચારે પુત્રોએ મળીને ચારે પાયા નીચે ખોદ્યું, તો દરેક પાયા નીચેથી જુદી જુદી પણ વિચિત્ર વસ્તુઓ નીકળી. એક પાયા નીચેથી કુશકા નીકળ્યા. બીજા પાયા નીચે, માત્ર કાગળ હતો. ત્રીજા નીચે, માટીનો પિંડો જ મૂકેલો, બીજું કાંઈ નહિ. તો ચોથા પાયા નીચે કેવળ કોલસા હતા !

ચારે પુત્રો તો આ વસ્તુઓને જોઈને ચિંતામાં પડી ગયા. પિતાએ તો કહ્યું હતું કે ચાર પાયા નીચે તમારી દરેકની નોખી નોખી મિલકત મેં મૂકી છે. અને આંહીં તો કુશકા, માટી, કાગળ અને કોલસા છે ! મિલકત વહેંચવાનું, કાંઈ જ નીકળ્યું નથી !

પછી એ તો આ કોયડાનો ભેદ પામવા માટે ઠેકાણે ઠેકાણે ફર્યા. કેટલાય પંડિતોને મળ્યા. જૂની પ્રથાના જાણકારોને ત્યાં ગયા. દેશદીવાનો જોયા. શ્રેષ્ઠીઓને પૂછ્યું, પણ એનો ભેદ કોઈ બતાવી શક્યું નહિ.

ફરતા ફરતા એ શાલિવાહન પાસે આવ્યા. એણે એમને કહ્યું કે, તમે બેસો. હું તમને આનો ભેદ હમણાં જ બતાવું છું. આ સાંભળીને શેઠના પુત્રો તો નવાઈ પામ્યા. ચારે ભાઈઓ ત્યાં બેઠા. થોડી વાર પછી શાલિવાહન માટીનો પિંડો



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લઈને બહાર આવ્યો. 'આ જેના ભાગમાં હોય તેને શું મળે છે, જાણો છો?'

ચારે જણાએ ના કહી.

શાલિવાહને કહ્યું : 'આ જેના ભાગમાં હોય, તે જમીન રાખે. એને જમીનનો ભાગ શ્રેષ્ઠીએ આપ્યો છે!'

એ મોટા ભાઈના ભાગમાં હતો, અને જમીન મોટાને મળે તે પણ બરાબર ગણાય. પછી એણે કાગળ બતાવ્યો. 'આ ભાગવાળાને લોકો પાસે જે લેણું હતું, તે મળતું હતું,' તેણે કહ્યું.

આ વાતની પણ ગડ બરાબર બેઠી. લોકો પાસે લેણું એ કાગળ ઉપરની જ વાત ગણાય. એ આવે તો કાગળ લખાણથી આવે. એ વાત પણ બરાબર બંધ બેસી ગઈ. આટલી સાદી વાત પોતે કેમ સમજ્યા નહિ, તેની જ હવે તો નવાઈ લાગવા મંડી.

હવે ત્રીજો ભાગ કુશકાનો છે. કુશકા શું બતાવે છે? ધાન્ય–અનાજ. એટલે અનાજના જે કોઠારો છે. એ કુશકાવાળાના ભાગમાં જાય છે!

પણ સૌને હવે ચટપટી થઈ કે ત્યારે કોલસાવાળાને શું મળવાનું હશે? કોલસો શું બતાવે? કાંઈ જ નહિ.

પણ શાલિવાહને કોલસો હાથમાં રાખીને કહ્યું : 'આ ખનિજ છે. એટલે એના બંધુઓ—જમીનમાંથી નીકળનારાં સોનું અને રૂપું—એ કોલાસાવાળાને મળે છે!'

બધા આશ્ચર્યચકિત થઈ ગયા. પિતાએ વહેંચણી ઘણી જ સુંદર કરી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શાલિવાહનનો આ કોયડાનો ઉકેલ, અને એની ન્યાય આપવાની શક્તિ, એ બન્ને જોઈને, ચારે ભાઈઓ દિંગ થઈ ગયા. પોતે પહેલાં આટલી સાદી વાત કેમ સમજી શક્યા નહિ એ જ એમને સમજાતું ન હતું. પણ તરત એમને લાગ્યું કે શાલિવાહને ભેદ ઉકેલ્યો એટલે આ વાત સાદી લાગે છે!

આ શાલિવાહન એક દિવસ મહાન રાજા થઈ બેઠો!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અંગુલિમાલ લૂંટારો !



[ ૧ ]

મૈત્રાયણીપુત્ર અહિંસક તક્ષશિલા વિદ્યાલયમાં વિદ્યા પ્રાપ્ત કરવા માટે આવ્યો હતો. શ્રાવસ્તી નગરીના રાજા પ્રસેનજીતના પુરોહિત ગાર્ગ્યનો એ પુત્ર. વિદ્યાપ્રાપ્તિનો એને વારસો મળ્યો હતો. વિદ્યાની તેજસ્વિતા જાણે એને જ વરી હતી. ગુરુની પ્રીતિ એના ઉપર ઢળી ગઈ. તક્ષશિલા વિદ્યાધામની કીર્તિને એ દિગંતમાં ફેલાવશે, એવી ગુરુને શ્રદ્ધા પડી. તેણે તેને પોતાના વિદ્યાવારસ જેવો ગણી લીધો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પછી તો ગુરુએ પોતાની વિદ્યાનાં તમામ રહસ્યો એને આપવા માંડયાં. એના ઉપર એની અમૃતનિર્ઝરણી વિદ્યાનો સ્રોત સતત વહેવા લાગ્યો. જ્યારે જુઓ ત્યારે ગુરુ આપતા હોય, શિષ્ય લેતો હોય.

પણ આ તેજસ્વી શિષ્યની સાથે ગુરુની આવી પ્રીતિ થઈ જાય—એ ઘણાને ન રુચ્યું.

એટલે એમણે આ મૈત્રાયણીપુત્ર અહિંસકની નિંદા આદરી. અહિંસક એનું નામ હતું. એના પિતાએ પોતાના કુળમાં વંશપરંપરાની જળવાયેલી સમૃદ્ધિ–અહિંસા–ના માનમાં એનું નામ 'અહિંસક' રાખ્યું હતું. ગાર્ગ્ય કુળમાં વર્ષોથી કોઈએ કોઈ દિવસ હિંસા કરી ન હતી.

પણ પ્રતિસ્પર્ધીઓએ ફેલાવેલી નિંદાને તો અહિંસક ઘોળીને પી ગયો. વિદ્યાની આરાધનામાં તે વધારે ને વધારે તલ્લીન થતો ગયો.

ગુરુએ પણ પ્રતિસ્પર્ધીઓની એવી નિંદાને તેજોદ્વેષ માન્યો. એમણે એમની વાતની ઉપેક્ષા કરી. કાન ઉપર વાત જ લીધી નહિ.

પણ અહિંસકનાં સ્વજનો, સગાંઓ, મિત્રો, જે આંહીં વિદ્યાપ્રાપ્તિ માટે આવ્યાં હતાં, તે એમ થાકે તેવાં ન હતાં.

અહિંસક એવો પડે કે જેવો એ ચડયો છે, એ જોવાની એમને તાલાવેલી લાગી. એમણે એક નવી યુક્તિ કરી.

માણસ ગમે તેવો મજબૂત મનનો હોય, પણ એકની એક વાત એ વારંવાર સાંભળે, એટલે એ ડગ્યા વિના ન રહે. પ્રતિસ્પર્ધીઓએ જુદી જુદી રીતે અને જુદા જુદા જૂથમાંથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુરુને કાને વાત પહોંચાડવા માંડી : 'અહિંસક મહા તેજસ્વી છે. ઘણો જ પ્રતિભાશાળી છે. પણ જરાક........ આ ન હોત નાં—તો એની નિષ્કલંક વિદ્યાનો દિગ્વિજયી ડંકો વાગી જાત ! તક્ષશિલાનું એ એક મહા તેજસ્વી રત્ન બની જાત.'

પણ આ.... આ – એટલે શું ? 'જરાક આ ન હોત, એટલે શું ન હોત ?'

ગુરુ એ વિષે વધારે સ્પષ્ટ થવાનું કહે, ત્યારે કોઈ જવાબ ન વાળે. સામસામા હસીને એકબીજા નીચે જોઈ જાય.

એમ ને એમ ગુરુના મનમાં શંકાનો ખીલો વધારે ને વધારે ઊંડો જતો જાય !

છેવટે તો આ ધૂંધળી હવા મન મૂંઝવનારી થઈ પડી. કોઈ સ્પષ્ટ વાત કરે જ નહિ ને ! 'એક આ ન હોત....' એ વાક્ય બધા બોલે, પણ પછી કાંઈ જ ન બોલે ! અંતે ગુરુ રહી શકયા નહિ. એક દિવસ અહિંસકના સ્વજનબંધુ જેવા એક શિષ્યને વિશ્વાસમાં લીધો. તેને પૂછયું : 'અહિંસકમાં શું દોષ છે, તાત ? તું મને સાચી વાત કહે. શું મારી વિદ્યા એ લજવે તેવો છે ?'

'દોષ તો કાંઈ નથી.... ગુરુજી !.... પણ....'

'પણ શું ?'

'પણ તો શું ? એવી વાતમાં શું માલ છે, ગુરુજી ! કાંઈ નહિ.'

પણ તેમ તેમ વાત જાણવાની ગુરુજીને વધારે લગની લાગી.

શિષ્યને વિશ્વાસ આપ્યો. પોતે કોઈને વાત નહિ કહે,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મનમાં જ રાખશે, એમ ઘણી ઘણી રીતે વાત કહેવા માટે મનાવ્યો.

ત્યારે પેલાએ જાણે ઘણું જ છાનું રહસ્ય આપતો હોય તેમ કહ્યું : 'ગુરુજી! બીજું બધું ઠીક છે. પણ અહિંસક, ગુરુપત્ની સાથે ઘણી વખત જંગલમાં ઘૂમે છે.... વખતે ઔષધિઓ ને વનસ્પતિઓ ઓળખાવવા માટે જતો હશે.... એટલું જ. બીજું કાંઈ નથી!'

પણ આ અરધા કહેલા ને અરધા ન કહેલા અસત્યથી ગુરુના મનમાં એવી શંકા ઊભી થઈ કે ન પૂછો વાત!

ગુરુની દૃષ્ટિ ત્યારથી જુદી જ થઈ ગઈ. ગુરુપત્નીનું અહિંસક ઉપરનું વાત્સલ્ય એનું એ જ હતું. પણ ગુરુને તે હવે જુદું લાગવા માંડ્યું.

એમનાં વાર્તાવિનોદ એનાં એ જ હતાં. ગુરુને હવે એ જુદાં લાગવા માંડયાં. અહિંસકની સેવા ભયંકર જણાઈ.

છેવટે રહી શકયા નહિ. ગુરુએ પત્નીને પણ ધમકાવ્યાં. અહિંસકની કે કોઈની વધુ પડતી સેવા લેવી જ નહિ—એવી આજ્ઞા કરી.

ગુરુની આજ્ઞાનો મર્મ સમજતાં ગુરુપત્ની લેવાઈ ગયાં. એ મનમાં ને મનમાં ઘા ખાઈ ગયાં. ગુરુના શબ્દો દ્વિઅર્થી બન્યા હતા. ગુરુપત્નીને આવો દોષ તો જલસમાધિ લેવા-તુલ્ય લાગ્યો. પણ ઘરમાં ભાણું ખખડે તેમ છેવટે, આ શંકાનું પરિણામ એ આવ્યું કે, ગુરુના ઘરમાં અવારનવાર કલહ દેખાવા માંડયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જ્યારે અહિંસકની વિદ્યાસમાપ્તિનો વખત આવ્યો ત્યારે ગુરુના મનમાં થયું કે આવા દુર્જનને વિદ્યા સહિત જવા દેવો એ ઠીક છે ? આવી અદ્‌ભુત વિદ્યા સાથે એને ન જ જવા દેવો.

પણ તો એને હણવો શી રીતે ? જો પોતે કોઈને છાની રીતે હણવાની આજ્ઞા આપે, તો તક્ષશિલાની હવા લાજે. આજ્ઞા ન આપે, તો તક્ષશિલાની વિદ્યા લાજે. દુર્જન વિદ્યા-વાળો હોય તો એ વિદ્યાને વહેલેમોડે લજવવાનો જ. ગુરુ દ્વિધામાં પડ્યા. છેવટે એમને અચાનક એક વાત સ્ફુરી આવી.

'એના પિતાએ મોટા ઉપાડે એનું નામ કેવું વિચિત્ર રાખ્યું છે ? અહિંસક. જાણે એ કોઈ દિવસ મન–વચન–કર્મણા કોઈની હિંસા કરવાનો જ ન હોય !

'અને હિંસા કરતાં વધુ ભયંકર હિંસા તો એણે આચરી હતી.

'છતાં એને હણી શકાય તેમ નથી. અને એ વધુ વખત હણાયા વિનાનો પૃથ્વીમાં રહે એ પણ ઠીક નથી.

'જે વિદ્યા ચારિત્રહીન છે, તે વિદ્યાનો સત્વર નાશ થાય તેમાં જ દુનિયાનું કલ્યાણ છે.

'ચારિત્ર વિનાનો વિદ્વાન, અને ચારિત્રવાળો અ-વિદ્વાન, એ બેમાં પસંદગી કરવાની હોય તો અ-વિદ્વાન જ ભલે જીવંત રહે. આ દુર્જને આ ધરતી તજીને જવું જ જોઈએ. ને સત્વર જવું જોઈએ.

'પણ એ શી રીતે બને ?' ગુરુ વિચાર કરી રહ્યા. એમને જે એક વાત અચાનક સ્ફુરી હતી તે વિષે જ એમણે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વધુ ને વધુ ઊંડો વિચાર કર્યો. એમને લાગ્યું કે આ અચાનક આવેલો વિચાર જ કામ લાગે તેવો છે.

એટલામાં અહિંસકનો શબ્દ સંભળાયો. આજે એની વિદ્યાસમાપ્તિ હતી. તે ગુરુ પાસે વિદાયવેળાની રજા લેવા આવતો હતો. ગુરુની એવી પ્રીતિ એણે જોઈ હતી કે ગુરુ-દક્ષિણા આપવાની એના મનમાં ઇચ્છા હતી. અને એટલા માટે એ ગુરુ પાસે એકાંતમાં માગણી કરવા આવ્યો હતો!

એને મનમાં અજબનો ઉત્સાહ હતો—ગુરુ એવી દક્ષિણા માગે કે જે પૂરી કરતાં એને આકાશપાતાળ એક કરવાં પડે. જે પૂરી કરવા એને પોતાની વિદ્યાને આકરામાં આકરી કસોટીએ ચડાવવી પડે! એવી દક્ષિણા જો ગુરુ માગે, તો એનું જીવન ધન્ય થઈ જાય. એનું નામ દિગંતમાં યશો-ભાગી થઈ જાય. વિદ્યાધામ તક્ષશિલાનું નામ બધે જ વ્યાપી જાય. એના ગુરુનું નામ સઘળે પ્રસિદ્ધ થઈ જાય.

ગુરુ જો એવી કોઈ ગુરુદક્ષિણા માગે કે રાજા રઘુ ને વરતંતુની કથનીની જેમ એની પણ વાત રહી જાય! એના મનમાં આવી ઉલ્લાસભરી હવા પ્રગટી હતી.

તે ગુરુ પાસે આવ્યો. બે હાથ જોડ્યા. ચરણે પડ્યો. ગદ્ગદ કંઠે ગુરુદક્ષિણા માટે માગણી મૂકી, 'ગુરુદેવ! એવું માગો કે જે માગણી પૂરી કરતાં મારું ઐશ્વર્ય સફળ બને. મારી વિદ્યા શોભે! ગમે તે માગો, ગુરુજી!'

ગુરુ થોડી વાર તેની સામે જોઈ રહ્યા. પછી જરાક હસ્યા. એ ધીમેથી બોલ્યા:



Ac. Gunratnasuri MS		Jin Gun Aradhak Trust

'અહિંસક! તારે ગુરુદક્ષિણામાં મને એક હજાર હિંસા આપવાની છે!'

અહિંસક પહેલાં તો સમજ્યો નહિ કે શું આપવાનું છે.

'ગુરુદેવ! શું આપવાનું છે?' તેણે નમ્રતાથી પૂછ્યું.

'એક હજાર હિંસા – હિંસામાં સમજે છે નાં?' ગુરુએ કાંઈક કડક શબ્દોમાં કહ્યું: 'તારે એક હજાર ખૂન કરવાં. મારે ચરણે તેં ધરેલી એ ગુરુદક્ષિણા!'

'એક હજાર ખૂન મારે કરવાં? ગુરુદેવ! અરે!' અહિંસક ક્ષોભ પામી ગયો.

'હા. ગુરુદક્ષિણામાં તારે એક હજાર ખૂન આપવાનાં છે. નહિ એક વધુ—નહિ એક ઓછું!'

'અરે! પણ ગુરુદેવ! આવી ગુરુદક્ષિણા?'

'તારે એ આપવાની છે. મેં એ માગી છે. એક હજાર ખૂન!'

અહિંસક તો વિચારમાં પડી ગયો. ગુરુએ આવું શું જોઈને માગ્યું હશે?

કદાચ એમને કોઈની સાથે વેરની વસૂલાત કરવાની હશે.

'ગુરુદેવ! પણ કોનાં ખૂન કરવાનાં છે? કોની હિંસા કરવી છે?'

ગુરુદેવના મનમાં તો એવી વાત આવી છે કે હજાર ખૂન કરવા જતાં, કોઈક એવો બળવાન આને મળી જશે, કે જે એનો ઢાળિયો ઢાળી દેશે! તો ટાઢે પાણીએ રોગ જશે! આ દુર્જન ટળી જશે! હણ્યા વિના એને હણવાનો આ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એક જ માર્ગ છે ! ગુરુના મનમાં આ ભયંકર વિચાર આવી ગયો છે.

એટલે એમણે મોટેથી કહ્યું : 'જો અહિંસક ! તું કોને હણે છે ને કોની હિંસા કરે છે, એ સાથે મારે સંબંધ નથી. મારે તો ગણીને એક સહસ્ર હિંસા તારા હાથની કરેલી જોઈએ. બીજું કાંઈ નહિ !'

મૈત્રાયણીપુત્ર ગુરુની આ નિશ્ચયી વાણી સાંભળતાં લેવાઈ ગયો. એના વંશમાં જ્યાં સાત સાત પેઢીથી કોઈએ કોઈ દિવસ કોઈની હિંસા કરી ન હતી, તે વંશમાં પોતે આવું કામ કરવા નીકળે ? એના પિતાએ તો એનું નામ જ અહિંસક રાખ્યું હતું. અને ગુરુએ દક્ષિણા હિંસાની માગી હતી.

પણ હવે શું થાય ?

તે કેટલીયે વાર સુધી ભાનસાન વિના ગુરુના સાન્નિધ્યમાં બેઠો રહ્યો.

પણ ગુરુએ ન ઊંચું જોયું, ન સામે જોયું. એ એના ભૂર્જપત્રના પાનિયામાં તલ્લીન થઈ ગયા.

મૈત્રાયણીપુત્રના દિલમાં વેદનાની એક ભયંકર જ્વાલા સળગી રહી છે.

પોતે બ્રાહ્મણશ્રેષ્ઠ કોશલરાજના રાજપુરોહિતનો પુત્ર. જેના વંશમાં સાત સાત પેઢીથી હિંસા તો શું—હિંસાની કલ્પના પણ કોઈએ કરી નથી એવા નિષ્કલંક શુદ્ધ આર્યવંશનો ! પોતે ઊઠીને ગુરુદક્ષિણા માટે એક હજાર હિંસા કરે ? હાય રે ! આ કેવી ગુરુદક્ષિણા ?

પણ ગુરુદક્ષિણા એટલે ગુરુદક્ષિણા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એને માટે આજ દિવસ સુધી કોઈ જગ્યાએ કોઈ વિદ્યાર્થીએ શંકા કરી નથી, મુશ્કેલી બતાવી નથી, ના પાડી નથી, ન દેવાની નામોશી લીધી નથી !

એ તો ભારતભરનાં વિદ્યાલયોની પવિત્રમાં પવિત્ર જીવનરેખા છે.

એની ઉપેક્ષા ન હોય. એનું ઉલ્લંઘન ન હોય. એના વિષે શંકા ન હોય !

છેવટે એ ઊભો થયો. તેણે બે હાથ જોડયા. ગુરુની રજા લીધી. ધીમે ભારે પગલે તે ત્યાંથી જંગલભણી ચાલી નીકળ્યો.

એને મનમાં થતું હતું, છેવટે જંગલ એને કાંઈક માર્ગ બતાવશે. ત્યાંનાં વૃક્ષો એનું રુદન સાંભળશે. ત્યાંનાં ઝરણાં કાંઈક કહેશે. તે જંગલ તરફ ચાલી નીકળ્યો.

[ ૨ ]

તક્ષશિલા વિદ્યાધામની બહાર આઘે આઘેના જંગલમાં એક વૃક્ષની નીચે આ જુવાન મોડી સાંજ સુધી બેઠો રહ્યો.

તેની આંખમાંથી આંસુની ધારા ચાલી જતી હતી. તે વારંવાર માથું કૂટતો હતો. છાતી પીટતો હતો. હાથપગ પછાડતો હતો. તેણે કોઈક અમૂલ્ય વસ્તુ જાણે ખોઈ દીધી હતી. તે વારંવાર બોલતો હતો: 'હાય રે! ગઈ ગઈ, હાથથી ગઈ. હવે કોણ જાણે ક્યારે એ પાછી ફરશે ?' એના કુલની અહિંસા જવાનો એનો આ વિલાપ હતો.

સાંજનો સમય ઝપાટાબંધ વહી રહ્યો હતો. વનવગડાનાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પશુપંખી ઘર ભણી વળી રહ્યાં હતાં. ધીમે ધીમે દશે દિશા નિર્જન બનતી હતી.

છેવટે એ ઊઠયો. અત્યંત ધીમા શોકભર્યા ગંભીર પગલે તે વિદ્યાધામ તરફ પાછો ચાલ્યો.

એ એક સાદી કુટિર તરફ ગયો. ત્યાં આસપાસ ચારે તરફ સુંદર વૃક્ષો ઊભાં હતાં. ફૂલછોડ ઉપર નાનાં સુગંધી ફૂલો ખીલી ઊઠયાં હતાં. સુગંધથી વાતાવરણ ભર્યું ભર્યું લાગતું હતું. ગુરુની એ રાત્રિનિવાસની કુટિર હતી.

તેણે જઈને કુટિરનું બારણું ખખડાવ્યું. અંદરથી અવાજ આવ્યો: 'કોણ?'

'પ્રભુ હું! ગુરુદેવ! એ તો હું છું!'

'કોણ? ગાર્ગ્ય મૈત્રાયણી?'

'હા ગુરુજી! હું અહિંસક ગાર્ગ્ય મૈત્રાયણીપુત્ર.'

ગુરુએ આવવાની હા પાડી, એટલે એ તરત અંદર ગયો.

જઈને એક બાજુ નતમસ્તકે બે હાથ જોડીને તે ઊભો રહ્યો.

'કેમ શું છે ગાર્ગ્ય! શું છે?'

ગાર્ગ્ય મૈત્રાયણીપુત્ર કાંઈ બોલી શકયો નહિ. તે શાંત ઊભો રહ્યો. તેની આંખમાંથી હજી અશ્રુધારા વહી રહી હતી.

ગુરુએ કોપિત થઈને કહ્યું: 'તારે જવું હોય તો તું જા. તારે દક્ષિણા નથી આપવાની.... જા!'

'પણ મારે દક્ષિણા આપવી છે ગુરુજી! ગુરુદક્ષિણા આપવા માટે જ હું આવ્યો છું!'

'તો આપતો જા....!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'શું આપું? ગુરુજી! માગો....!'

'તને કહી તો દીધું છે!'

'ગુરુદેવ....હું બ્રાહ્મણ. વળી રાજનો પુરોહિત. વળી જેના વંશમાં....'

'મારે કાંઈ સાંભળવું નથી. ગુરુદક્ષિણા આપવી હોય તો, ભણે શિષ્ય! તને મેં કહી છે તે ગુરુદક્ષિણા આપવાની છે. ન આપવી હોય તો એમ ને એમ જા.'

'ગુરુદેવ! મારા નિષ્કલંક યૌવન ઉપર કૃપાદૃષ્ટિ....'

'ગાર્ગ્ય! તું આંહીંથી જા. આજ ને આજ જા. તારું નિષ્કલંક યૌવન ઉપાડીને ચાલ્યો જા. મારે તારી દક્ષિણા ખપતી નથી. જા, હું શાપ આપતો નથી, પણ જા, જા, કૃતઘ્ન બ્રાહ્મણપુત્ર! જા....! તું કોશલનો છે. અને કોશલદેશ મગધથી ક્યાં આઘે છે? મગધમાં અબ્રાહ્મણ નહિ, એવો કોઈ બ્રાહ્મણ સાંભળ્યો છે ખરો? માગધી તમામ અનાર્ય....જા! કોશલમાં પણ એવા જ અનાર્ય! જા....!'

ગુરુ માગે અને એ આપ્યા વિના જે વિદ્યાર્થી જાય, તે દુનિયા આખીની નજરમાંથી તરત નીકળી જાય. એની વિદ્યા વિદ્યા જ ન ગણાય. ભારતભરમાં પ્રચલિત આ સિદ્ધાંતનો લેશ પણ ભંગ પોતે શી રીતે કરી શકવાનો હતો? મૈત્રાયણીપુત્ર ભારે વેદના અનુભવી રહ્યો.

મૈત્રાયણીપુત્રે નતમસ્તકે બે હાથ જોડીને જવા માટે પગ ઉપાડયો. ત્યાં પડખેથી એક નાનું દ્વાર ઊઘડયું.

દ્વારમાં એક સુંદર સ્ત્રી ઊભી હતી. તેણે એક ઉત્તરીય વસ્ત્ર ઓઢયું હતું. માથા ઉપર કેશનું ગુંફન કર્યું હતું. તે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધીમા, મક્કમ, પણ જાણે વિષ પાયેલું તીર હોય તેવા તીક્ષ્ણ શબ્દ બોલી : 'બ્રાહ્મણપુત્ર ! છોકરીની પેઠે રડે છે શું ? તારા ગુરુએ એક હજાર હિંસા માગી છે, તો તું હજાર ધરી દે ને ! એમાં રડે છે શું ?'

'અરે ! પણ માતા !....'

'જો ! હું તારી માતા છું. પણ તારી માતા નથી !'

'માતા !....' મૈત્રાયણીપુત્ર વધુ બોલી શક્યો નહિ. 'તમે જ મારી માતા મૈત્રાયણી-તુલ્ય છો. આ ગુરુદેવ એ મારા પિતા ગાર્ગ્ય સમાન છે. મને બાળકને તમે રસ્તો બતાવો !'

'જો બ્રાહ્મણપુત્ર ! તારી પાસે તારા ગુરુએ જે માગ્યું છે તે જ હવે તું આપે તો તું બ્રાહ્મણપુત્ર ખરો, નહિતર નહિ. તારા ગુરુએ તારી પાસે કેટલી હિંસા માગી છે ? એક હજાર નાં ? તું જો બ્રાહ્મણનો દીકરો હો, તો એને એક હજાર નહિ, બે હજાર હિંસા ગુરુદક્ષિણામાં દે. તક્ષશિલામાં આજ દિવસ સુધી, જેવું કોઈએ માગ્યું નથી તેવું એણે માગ્યું છે. તારે એક હજાર હિંસા ગુરુદક્ષિણામાં આપવાની છે નાં ?'

'હા માતા !....'

'ત્યારે તને ખબર લાગતી નથી, શા માટે આ બ્રાહ્મણશ્રેષ્ઠે તારી પાસે આવી ગુરુદક્ષિણા માગી છે ? ખબર છે તને ?'

ગુરુદેવ જે અત્યાર સુધી માત્ર સાંભળી રહ્યા હતા, તેણે ક્રોધથી કહ્યું : 'તું અંદર જા, અંદર જા, તારું કામ નથી !'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'હું અંદર તો જાઉં છું,' ગુરુપત્ની બોલ્યાં : 'પણ આ બ્રાહ્મણના છોકરાને બિચારાને ખબર તો આપતી જાઉં. જો બ્રાહ્મણ! ઈર્ષા–અદેખાઈ, શંકા, એણે ભલભલાને રાક્ષસ બનાવી દીધા છે. ઈર્ષા કરવાવાળાએ તારી ઈર્ષા કરી છે. અને કેવી કરી છે? તું મારા ઉપર મોહી પડ્યો છે. હું તારા ઉપર મોહી પડી છું....જોજો, આપણા બેના રૂપદીદાર જાણે મોહી પડવા જેવાં રહ્યાં હોય–! વેલા ને પાન ખાઈ ખાઈને પશુ જેવી થઈ ગયેલી હું, ને લાકડાં ઉપાડી ઉપાડીને બળદ જેવો થઈ ગયેલો તું.... પણ આપણી વચ્ચે મોહ થયો....'

'અરે! અરે! માતા! માતા!'

'અરે માતાવાળા,....સાંભળ તો ખરો....તારી સાથેના જે ઠોઠ શિષ્યો હતા, જે તારી તેજસ્વિતા જોઈ શકતા ન હતા, તેમણે ઈર્ષાથી આ કહ્યું અને આ તારા જડ ગુરુએ એ માન્યું....'

'તમે વૈદેહી! અંદર જાઓ છો કે નહિ....?' ગુરુએ ખરા ક્રોધમાં કહ્યું :

'હું તો આ ચાલી....' વૈદેહીએ બારણું ઠસાવ્યું. પણ તેના વધુ શબ્દો સાંભળતાં મૈત્રાયણીપુત્ર બેભાન જેવો થઈ ગયો....

'એટલે હે બ્રાહ્મણ! આ તારા જડ ગુરુએ એ વેર લેવા તારી પાસે એક હજાર જણની હિંસા ગુરુદક્ષિણામાં દે એમ માગણી મૂકી છે. તું જો ખરો બ્રાહ્મણ હો, તો એકને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બદલે બે હજારની હિંસા દે....તારી – મારનારની આ હિંસા નહિ ગણાય, હિંસા તારા જડ ગુરુની ગણાશે.'

અને પછી શબ્દો બંધ થઈ ગયા.

મૈત્રાયણીપુત્ર અવાક્ જેવો ઊભો જ રહી ગયો. તેને શું બોલવું તે સૂઝયું નહિ. તેણે ગુરુને ચરણે ગુરુદક્ષિણા ધરવા બે હાથ જોડીને મસ્તક ઢાળી દીધું. ને પછી તે ચાલી નીકળ્યો.

[ ૩ ]

તેજસ્વી જુવાન બ્રાહ્મણપુત્ર અહિંસક જંગલને માર્ગે ચાલી નીકળ્યો.

એની આંખમાં શ્રાવણભાદરવો વહી રહ્યા હતા. ગુરુ-દક્ષિણા દીધા વિના એની વિદ્યાપ્રાપ્તિ અર્થશૂન્ય બની જતી હતી. એ વિદ્યાપ્રાપ્તિ જ રહેતી ન હતી. તે કોશલદેશમાં જઈને હવે શું મોં બતાવે ? તક્ષશિલા જેવા વિદ્યાધામમાં-થી વિદ્યારહિત પાછા ફરેલા જુવાનને દેશમાં કોણ બોલાવે ? કોણ માન આપે ?

એણે ગુરુદક્ષિણા પૂરી કરવી રહી. તે વિના એની વિદ્યાપ્રાપ્તિ અપૂર્ણ હતી. શૂન્ય હતી. અર્થહીન હતી. ભીરુમાં ભીરુ પણ ગુરુદક્ષિણા માટે આકાશપાતાળ એક કરતા. પોતે તો એક નિઃશુલ્ક વિદ્યાર્થી હતો. એટલે ગુરુ-દક્ષિણા આપવાને વધારે બંધાયેલો હતો. એણે ગુરુને પહેલાં કાંઈ જ આપ્યું ન હતું, તદ્દન મફત ભણ્યો હતો. એટલે હવે ગુરુદક્ષિણા પૂરી કરવી જ રહી. તે વિના તો એની વિદ્યાની ઉપાસના લાજે !

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ વિધિની આ કેવી ક્રૂર મશ્કરી હતી? એણે હજાર હજાર નિર્દોષોનાં ખૂન કરવાનાં હતાં! એ રાક્ષસ બનવા, અધમમાં અધમ માનવીનું જીવન ગાળવા, ગાઢ જંગલના એકાંતમાં પેસી ગયો.

ત્યાં તેણે એક ઝૂંપડી બાંધી. શિકારી લૂંટારાનો ભયંકર વેષ ધારણ કર્યો. જંગલમાંથી પસાર થતા મહાન ધોરી વ્યાપારમાર્ગ ઉપર એ નજર રાખવા મંડયો. જે આવે તેને લૂંટવા મંડયો!

આ લૂંટ જ એની આજીવિકા બની રહી.

છતાં હજી એણે કોઈનું ખૂન કર્યું ન હતું. ખૂનના નામ માત્રથી એ ધ્રૂજી ઊઠતો હતો. એનું હૃદય છિન્નભિન્ન થઈ જતું. એને કોઈનું ખૂન કરવું ન હતું....અને છતાં ખૂનો કરવાં પડે તેમ હતું! એક ખૂન નહિ, બે ખૂન નહિ, એક સહસ્ર ખૂન એને કરવાનાં હતાં!

અને હજી એણે એકે ખૂન કર્યું ન હતું!

એક વખત એક પ્રવાસીને હણવા માટે એ તૈયાર થયો. પણ કોણ જાણે કયા દેશના, કોઈ અજાણ્યા સુંદર, તરુણ, જુવાન પ્રવાસી શ્રેષ્ઠીપુત્રને પોતે હણી રહ્યો છે, એ વિચાર આવતાં એ ધ્રૂજી ગયો. તલવાર એના હાથમાંથી પડી ગઈ. તે રડી પડયો. તેણે રડતાં રડતાં જ શ્રેષ્ઠીપુત્રને પૂછ્યું: 'ભાઈ, તું કયાંનો છે? તું પરણ્યો છે? તારે બાળબચ્ચાં છે? ઘેર કોણ તારી રાહ જુએ તેમ છે?'

શ્રેષ્ઠીપુત્રે કહ્યું: 'મારાં બાળક, મારી પત્ની, મારા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પિતા, મારી વહાલસોઈ માતા, મારાં ભાઈભાંડુ, સહુ મારી રાહ જોતાં ઘેર બેઠાં હશે. આજ આવશે, કાલ આવશે, એમ આશાની દોરી ઉપર એ જીવતાં હશે. તેં મને લૂંટી તો લીધો છે. હવે મને હણવાથી તને વધારે શું મળવાનું હતું ? તારે પણ હે ભીલરાજ ! માતા હશે, પિતા હશે, બાળક હશે, પત્ની હશે, એમનો વિચાર કરીને તું મને જવા દે. મારી મા બિચારી નિત્ય ગામને પાદર જતી હશે.'

મૈત્રાયણીપુત્રે બે હાથથી આંખો ઢાંકી દીધી. તેણે રડતાં રડતાં જ કહ્યું : 'ભાઈ ! તું જતો રહે, જતો રહે, જલદી જતો રહે !'

અહિંસક લૂંટારો જ રહ્યો. હત્યારો થવા જતાં એનું હૃદય સામે થઈ જતું હતું !

પણ એક વખત એ કોઈ પ્રવાસીને લૂંટવા ગયો. પ્રવાસી એના માથાનો નીકળ્યો. એ પણ શસ્ત્રઅસ્ત્રનો જાણકાર હતો. તેણે આ નવા લૂંટારાને એવા એવા છક્કાપંજા રમાડચા કે તે ત્રાસ ત્રાસ પોકારી ગયો ! એટલે છેવટે અહિંસકે ક્રોધમાં આવીને એને હણી જ નાખ્યો !

પણ એને હણી નાખ્યા પછી જ એને ખબર પડી કે એને હાથે ખૂન થઈ ગયું છે ! એના આ પહેલા ખૂનમાં એણે કાંઈક વીરત્વભર્યા આવેગની ખુમારી અનુભવી હતી. એટલે એને દુશ્મનને હણ્યાનો જરાક ઉત્સાહ આવ્યો. શત્રુને હરાવ્યાનો આનંદ જણાયો. અને એ જ વખતે એને સાંભર્યું કે ત્યારે તો આ પહેલું ખૂન — ગુરુને ચરણે ધર્યું એમ ગણાય !

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ એ ખૂન ગુરુને ચરણે ધરવું શી રીતે? શું આનું માથું લઈને ત્યાં જવું? અથવા આંહીં લાવીને ગુરુને આ માથું બતાવવું? એ કોઈ વાત શક્ય ન હતી.

વિચાર કરતાં તેને એક યુક્તિ સૂઝી આવી. તેણે પેલા મૃત માણસની અંગુલિ કાપી લીધી. ટચલી આંગળી ઉઠાવી લીધી. એને સૂત્રમાં પરોવી. એને હારની જેમ તૈયાર કરી. તે હાર તેણે ડોકમાં પહેર્યો! આ એનું પહેલું પગલું. હજાર ખૂનની ગણતરી માટેની આ શરૂઆત.

પછી તો એણે હજાર ખૂન પૂરાં કરવા માટે એક પછી એક ઝડપી લૂંટ ચલાવી. જે એ રસ્તે નીકળે તે ઝડપાયો જ છે! દેશવિદેશમાં વાત ચાલી કે કોશાંબી નગરી અને શ્રાવસ્તી નગરીનાં જંગલોમાં એક ભયંકર લૂંટારો પડ્યો રહે છે!

તે માણસને લૂંટી તો લે છે, પણ એનો જીવ પણ લઈ લે છે!

આ ક્રૂર લૂંટારાએ ડોકમાં મૃતમાનવની અંગુલિઓનો એક હાર પહેર્યો છે. આ ભયંકર 'અંગુલિમાલ લૂંટારો' કોઈને ગાંઠતો નથી. તે પવનના જેવો ઝડપી છે. એના જેવો જ અદૃશ્ય છે. એના જેવો જ અસ્પષ્ટ છે. એ પકડાતો નથી. લોકવાયકા ફેલાતાં બન્ને મહાન નગરીઓ વચ્ચેનો એ ધોરી માર્ગ ધીમે ધીમે શૂન્ય બનતો ગયો.

પણ પહેલું ખૂન કર્યા પછી અંગુલિમાલને ખૂન કરવાનો ઉત્સાહ ચડતો ગયો. એ કામ એને સહેલું ને આનંદજનક લાગવા માંડ્યું! જાણે પતંગિયાની પાછળ પોતે નાનકડો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શિશુ બનીને દોડી રહ્યો હોય તેમ માણુસની પાછળ દોડવા-માં એક પ્રકારનો આનંદ એ અનુભવી રહ્યો!

કોશલરાજ પ્રસેનજીતને કાને આ વાત આવી. પાંચસો સૈનિકો લઈને પોતાના ગજરાજ પુંડરિક ઉપર એ ચડયો. જંગલેજંગલ એણે ખૂંદ્યાં. નદીનાળાં જોયાં. વૃક્ષેવૃક્ષ તપાસ્યાં. પણ પેલા ભયંકર અંગુલિમાલનો કાંઈ પત્તો લાગ્યો નહિ. ઘડીકમાં એ આંહીં હોય, તો ઘડીકમાં કોણુ જાણે ક્યાં હોય!

જો પવન પકડાય તો અંગુલિમાલ પકડાય, એવી વાત લોકવાણીમાં ફેલાવા માંડી. આસપાસના તમામ રાજાઓ અંગુલિમાલ લૂંટારા પાસે તદ્દન ઠીંગુજી જેવા લાગવા માંડયા.

રાજા પ્રસેનજીત હેરાન હેરાન થઈ ગયો. એની રાજધાની શ્રાવસ્તી નગરીની આસપાસનો રસ્તો સમી સાંજમાં જ ઉજ્જડ થઈ જવા મંડયો! લોકોને ઘરમાં બેઠાં સલા-મતીનો ભય લાગવા મંડયો. વેપાર થંભી ગયો. વણજારા-ની પોઠો આવતી બંધ થઈ ગઈ. વસ્તુઓની ખેંચ જણાવા માંડી. પ્રજા ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ગઈ. એવામાં શ્રાવસ્તી નગરીના જેતવનમાં ભગવાન તથાગત આવીને વસ્યા. એનો ભિખ્ખુસંઘ સાથે હતો. સેંકડો ભિખ્ખુઓ પ્રભાતમાં ભગ-વાન તથાગતને નામે ભિક્ષાટન અર્થે નગરમાં આવતા.

લોકો એમને પૂજ્યભાવે નમે છે. વાતાવરણુમાં એમની હાજરીથી જુદી જ હવા દેખાય છે. બધે વિનમ્રતા, શીલ, સદાચાર, અહિંસા, પ્રેમ, ક્ષમા, ઉદારતા, અવૈરની હવા વહે છે!

એક માત્ર અંગુલિમાલ લૂંટારો હજી માણુસોને લૂંટે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે. હણે છે. પોતાની અંગુલિઓની માલાનો ગર્વ કરીને ખુલ્લું આહ્વાન મોકલે છે. ખુદ રાજાને કહેવરાવે છે: 'શક્તિ હોય તો નગરી બહાર જંગલને માર્ગે આવી જુઓ!'

એ ગર્જના કરે છે, 'એક ખૂનનો ખૂની, ખૂની ગણાય. હું તો હજાર હજાર ખૂન કરનારો, એટલે હું જ આ સ્થળનો રાજા કહેવાઉં!' અને પછી ભયંકર મશ્કરી-ભરેલું, મોટું હાસ્ય કરીને બોલે છે: 'શ્રાવસ્તી-નગરીના લોકો! તમે આ સાચી સમજણ મેળવો, સાચી સમજણ મેળવો!

'જે લૂંટ કરતાં પકડાય તે લૂંટારો. જે ખૂન કરતાં પકડાય તે ખૂની. પણ જે લૂંટે અને પકડાય નહિ, જે ખૂન કરે ને ઝલાય નહિ, તે રાજા! હું રાજા છું! હું જ રાજા છું!'

અંગુલિમાલને કોઈ જવાબ આપી શકતું નથી. કોઈ એને પકડવા નીકળી શકતું નથી. જે પકડવા નીકળે તેની મશ્કરી થાય તેવું બન્યું છે. આ જોઈને લૂંટારાને વધુ હિમ્મત આવી. તેણે જેતવનની આસપાસ જ ઘૂમવા માંડ્યું! રાજા પ્રસેનજીતને કે તેના સેનાપતિને ઉપાડી લેવાની એની નેમ હોય એમ લાગ્યું!

લોકો ભગવાન તથાગતને બચાવવા દોડ્યા. જેતવનની આસપાસ જ લૂંટારો ઘૂમતો હતો. અને ભગવાન બુદ્ધનું ચક્રમણ—હાલવું-ચાલવું—પણ એટલામાં જ હતું. ભગવાન બુદ્ધને લોકોએ બે હાથ જોડીને વીનવ્યા: 'હે ભગવન્!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હમણાં જેતવનની આસપાસ ન ઘૂમવું. ને ખાસ કરીને ઉત્તર દિશામાં તો ન જ જવું !'

'ભણે જનગણો ! એ દિશાને તમે કેમ ભયયુક્ત ગણો છો ?'

'ભદન્ત ! એ દિશામાં અંગુલિમાલ લૂંટારો ફરે છે. રાજા પ્રસેનજીત જેને વશ કરી શકયા નથી, એવો એ ભયંકર લૂંટારો છે. ભગવાન ! એ દિશા ભયંકર છે !'

'ભણે નગરજનો ! માણસના મનમાં જ બધી ભયંકર ને અભયંકર દિશાઓ વસે છે. તમે શાંતિ રાખો. કોઈ વૈર, અવૈરને પહોંચે તેવું બળવાન હોતું નથી !' નગરજનો આ શાંત વાણીથી આશ્ચર્ય પામતા પછી નગર ભણી વળ્યા.

[ ૪ ]

પૂર્વાહ્નનો સમય હતો. પિંડપાત કરીને ભગવાન બુદ્ધ શ્રાવસ્તી નગરીમાંથી પાછા ફર્યા હતા. ભોજન પછીની વામ-કુક્ષિ માટે, એ જંગલને રસ્તે, એક એકાંત સ્થળે જવા માટે નીકળ્યા.

સાથે શયનાસન લીધું હતું. હાથમાં પાત્ર ચીવર હતાં. શાંતિથી જંગલને માર્ગે એ એકલા ચાલી નીકળ્યા.

પણ આજે તો એ રસ્તે જ અંગુલિમાલ લૂંટારો ફરી રહ્યો હતો. આસપાસના પશુપાલકો, ગોપાલકો, કૃષિકો [ ખેડૂતો ] એમણે ભગવાનને એ રસ્તે જતા જોયા, અને એ બધા એકદમ દોડયા આવ્યા.

'ભન્તે શ્રમણ ! એ રસ્તે ન જતા, એ રસ્તે ન જતા,' એમ ઉતાવળે બોલતા એ સૌ ભગવાનની પાસે આવ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'એ રસ્તે જવાની કેમ ના પાડો છો?'

'એ રસ્તે ભગવાન! અંગુલિમાલ લૂંટારો આજ સવારનો ફરે છે. પાંચ, પચીસ, સો ગમે તેટલાના જૂથમાં જતાં પણ માણસો ડરે છે. એ રસ્તે ન જતા પ્રભુ! ભયંકર લૂંટારો એ રસ્તે જ ફર્યા કરે છે!'

ભગવાન તથાગતે તેમના તરફ એક પ્રેમદષ્ટિ કરી. પછી શાંતિથી ચારે તરફના જંગલને નિહાળ્યું. અને પછી મૌન રાખીને કાંઈ ન હોય તેમ એ આગળ વધ્યા.

કૃષિકો, ગોપાલકો, પશુપાલકો બધા વધારે મોટેથી એની એ વાત કહેતા એ રસ્તેથી પાછા વળવા માટે વિજ્ઞપ્તિ કરી રહ્યા.

પણ ભગવાન મૌન જ રહ્યા. કાંઈ બોલ્યા નહિ. બધા બોલતા બંધ થયા, એટલે શાંતિથી એ આગળ વધ્યા.

આ પ્રમાણે વારંવાર થયું. પણ ભગવાન તથાગત જંગલને રસ્તે આગળ વધતા જ રહ્યા. ને છેવટે આડીઅવળી પગદંડીની વનરાજિની પરંપરામાં અદશ્ય થઈ ગયા!

અંગુલિમાલ લૂંટારાની બીકે લોકો દોડતા દોડતા પાછા ફરી ગયા.

ભગવાન તથાગતની નજર જમીન ઉપર છે. હાથમાં ચીવરપાત્ર છે. ધીમા, શાંત, પૃથ્વીને પણ કઠોર ન લાગે તેવા અત્યંત મૃદુ પગલે, તે આગળ વધે છે. જે સ્થળ ઉપર એમની નજર પડે છે, તે સ્થળ જાણે, પ્રેમભાષા સમજતું હોય તેમ આનંદમય બની જાય છે!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એમની સાથે વહેતી હવામાં પ્રેમ ભર્યો છે. વૃક્ષોમાં પ્રેમ પ્રગટયો છે. વનરાજિ રોમાંચિત બની ગઈ છે. પક્ષીઓ મધુર પ્રેમભાષા બોલી રહ્યાં છે. આકાશની વાદળીઓ પ્રેમમાં હસે છે. સઘળે જાણે પ્રેમનું વાતાવરણ ખડું થયું છે! પ્રેમ-મૂર્તિ ભગવાન તથાગત આગળ ને આગળ વધી રહ્યા.

અંગુલિમાલ એક ટેકરી ઉપર ઊભો હતો. કોઈ સારો શિકાર નીકળી આવે તો એ ઝડપી લેવા ઉપર એની નજર હતી. એની અંગુલિમાલમાં હવે એક જ અંગુલિ ખૂટતી હતી.

તેણે આ એક અદ્ભુત રીતે શાંત એવા શ્રમણને, આઘે આઘે જંગલ રસ્તેથી આવતો જોયો. અને એથી એ નવાઈ પામી ગયો!

પોતે આંહીં છે એ વાત આખી શ્રાવસ્તી નગરી જાણતી હતી.

નગરીની ચારે તરફના રસ્તાઓ એના નામથી ધ્રૂજતા હતા. એણે અત્યાર સુધીમાં કોઈ વીરના વીરને પણ આવી રીતે આ તરફ આવતાં જોયો ન હતો. સો માણસોનું ટોળું આવતું હોય તો તેમાં સોએ માણસોને પોતાના નામથી એણે ધ્રૂજતા જોયા હતા. પોતાના નામથી સૌ ધ્રૂજે છે એ વિષે તો એના મનમાં મહાગર્વ પણ હતો!

પણ આજે એના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આ એવો કોણ હતો કે જે પોતાના નામથી અલિપ્ત હોય તેવી રીતે, આ તરફ નિર્ભયતાથી આવી રહ્યો હતો? કાં એ જડ હોય તો આમ આવે, કાં દીવાનો હોય તો આમ આવે.

શ્રમણ ગૌતમ વિષે એણે ઘણું સાંભળ્યું હતું. અંગુલિ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માલને વિચાર આવી ગયો, શ્રમણ ગૌતમ કહે છે એ તો આ ન હોય ?

ભલે એ ગમે તે હોય, પણ એના પગલામાં ક્યાંય થડક નથી. મનમાં ધ્રુજારી નથી. કોઈની જાણે કે એને બીક જ નથી !

પોતાનાથી રાજા પ્રસેનજીત પણ ડરે. પાંચસો પાંચસો સૈનિકોથી વીંટળાઈને નીકળે તો પણ એ પળે પળે સાવધ રહે. અને આ શ્રમણ ? એ તો ઊંચે આસપાસ ક્યાંય જોતો નથી !

અંગુલિમાલનું આશ્ચર્ય વધતું ગયું. પણ જેમ જેમ એણે શ્રમણને પોતાની તરફ આવતાં જોયો, તેમ તેમ તો એ વધુ ને વધુ નવાઈ પામતો ગયો !

દુનિયા આખીમાં જાણે ક્યાંય ભય ન હોય, કોઈ ભય આપનાર ન હોય, કોઈને ભય પામવાનો જ ન હોય, જાણે ક્યાંય કોઈ પરજન ન હોય—એવી આત્મવિશ્વાસી અદ્ભુત શાંતિ શ્રમણના પગલે-પગલામાં દેખાતી હતી. અંગુલિમાલને નવાઈ તો આ લાગે છે. આવી શાંતિ એ લાવ્યો હશે ક્યાંથી ?

પણ અંગુલિમાલને તરત એક બીજો વિચાર આવ્યો.. અંગુલિમાલને લાગ્યું કે એ ગમે તે હોય, ને એ ગમે તેવો શાંત દેખાતો હોય, પણ એ શ્રમણ એની પોતાની જાદુભરેલી નામના ઉપર પાણી ફેરવી રહ્યો છે ! આ પ્રમાણે એનાથી જો કોઈ ન ધ્રૂજે, તો તો એનાં હથિયાર છેવટે તણખલાનાં થઈ જાય ! પોતાથી કોઈ ભય ન પામે, તો પછી પોતાની મહત્તા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શી રહેવાની ?

તેણે શ્રમણને નજીક આવતો જોયો. અને તેણે ટેકરી પરથી જ સિંહના જેવા ત્રાડ પાડતા ભયંકર અવાજે કહ્યું : 'ઊભો રે', ઊભો રે'! શ્રમણ ! ઊભો રે'! સ્થિર થઈ જા !'

એના અવાજથી એણે અનેકનાં હાંજા ગગડી જતા જોયા હતા. એણે ધાર્યું કે શ્રમણ ભલે ઉપરથી શાંત લાગતો હોય, પણ જેવો અવાજ એ સાંભળશે, કે તરત એ બેબાકળો બની જશે.

એના રુદ્રરૂપનો અવાજ જીરવવો એ જેવીતેવી વાત ન હતી ! એણે તો અનેક વીરનરોનાં હથિયારો બૂઠાં બનાવી દીધાં હતાં !

પણ અંગુલિમાલે શ્રમણનો જવાબ સાંભળ્યો અને એ ઠરીને ઠીંકરું થઈ ગયો. આવો શાંત જવાબ ? અને તે પણ એની સિંહ-ત્રાડ પછી ? એની સિંહ ત્રાડ સામે ?

એને થઈ ગયું : 'અરે ! આ કેવી અજબ જેવી વાત છે ? આ શ્રમણના અવાજમાં નથી ક્યાંય વિહ્વળતા. નથી ક્યાંય ગભરાટ. નથી ભય. નથી ઉતાવળ. નથી ક્રોધ. કેવળ પ્રેમભરેલી શાંતિની હવા જાણે એમાંથી આવતી લાગે છે !' – રીડારીડ કરતા નાનકડા તોફાની બાળકને સમજાવતી હોય એવી સુંદર હવા !

શ્રમણે એના ત્રાડ દેતા અવાજના પ્રત્યુત્તરમાં અત્યંત ધીમા પણ સ્પષ્ટ, શાંત, મૃદુ, પ્રેમભર્યા અવાજે જવાબ વાળ્યો હતો : 'હું તો સ્થિર છું અંગુલિમાલ ! તું સ્થિર થઈ જા !'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અંગુલિમાલ જવાબ સાંભળીને વધુ આશ્ચર્ય પામ્યો. આ શ્રમણ શું બોલતો હતો? કેમ આવી અવળવાણી એ બોલી રહ્યો હતો? ખરી રીતે પોતે તો સ્થિર હતો, ને ચાલી રહ્યો હતો તો શ્રમણ, છતાં એ કહેતો હતો: 'હું તો સ્થિર છું, તું સ્થિર થઈ જા.' આનો અર્થ શું?

નવસો નવાણું અંગુલિઓની માલા ધારણ કરેલો લૂંટારો આગળ આવ્યો. તેની આંખોમાં રોષ હતો. ચહેરામાં ક્રૂરતા હતી. તેણે તોછડાઈથી કહ્યું: 'શ્રમણ! તું આ શું બોલે છે? તું ચાલે છે, છતાં તું સ્થિર છે? અને હું ચાલતો નથી, સ્થિર છું, છતાં મને તું કહે છે કે હું સ્થિર નથી? આવી અવળવાણી કેમ બોલે છે?'

'અંગુલિમાલ! હું ગમે ત્યાં હોઉં ને ચાલતો હોઉં પણ હું સ્થિર છું!'

'અને હું?'

'તું અસ્થિર!'

'શી રીતે, શ્રમણ? હું તો અત્યારે ચાલતો નથી. હું આ ઊભો.'

'તું રાજાનું સૈન્ય દેખશે, તો દોડી જશે. તું માણસને જોશે તો અસ્થિર થઈ જશે. તું અનેકોને આવતા જોશે, તો છુપાઈ જશે. કારણ કે તું ભય આપે છે, ને બદલામાં ભય મેળવે છે. હું કોઈને ભય આપતો નથી, ને ભય પામતો નથી. તું દંડ દે છે, ને પ્રતિદંડથી ધ્રૂજે છે. હું દંડ દેતો નથી, ને પ્રતિદંડનો મને ભય નથી. એટલે હું સ્થિર છું, અંગુલિમાલ! ને તું અસ્થિર છે!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અંગુલિમાલ આ વાણી સાંભળતાં જાણે પોતાના એક વખતના ભૂતકાલના જીવનના ખંડેરને જોઈ રહ્યો હોય તેમ, સ્તબ્ધ થઈ ગયો. તેણે આવી શાંત હવા હમણાં તો અનુભવી જ ન હતી. એના અનેક દિવસોના અત્યારના જીવનને ભેદીને આવતી ભૂતકાલની કોઈક શાંત હવા એ અનુભવી રહ્યો!

એને સાંભરી આવ્યું. એ હવા દૂર દૂરના તક્ષશિલાના વિદ્યાધામની હતી. એ વખતે એ ત્યાં આવી શાંત હવા અનુભવતો. આટલી શાંત તો નહિ, પણ આવી શાંત!

તેને વિચારમાં પડેલો જોઈને ભગવાન તથાગતે વધારે શાંત, વધારે મૃદુ, વધારે પ્રેમભર્યા અવાજે કહ્યું : 'અંગુલિમાલ! જે હિંસા તજે છે, તે આખા વિશ્વને મેળવે છે. જે હિંસા કરે છે, એને તો એક ટુકડો જ હાથમાં આવે છે. ને તે પણ ગમે તે પળે ખોઈ નાખવાનો ભય રહે છે. તું કોણ હતો? અને અત્યારે કોણ છે? એનો જ વિચાર કર, બ્રાહ્મણપુત્ર!'

અંગુલિમાલ સ્થિર-દૃષ્ટિ થઈ ગયો હતો. જેમ જેમ એ ભગવાનની વાણી સાંભળતો ગયો, તેમ તેમ એના હૃદયમાંથી જાણે કોઈ છાનો અવાજ ઊઠતો ગયો!

પણ એને તરત સાંભર્યું. હજી એને એક હિંસા કરવાની બાકી હતી. તેનું શું? તે દ્વિધામાં પડી ગયો.

'મારે તો ગુરુને ચરણે એક હજાર હિંસા ધરવાની છે! હજી એક હિંસા બાકી છે! તે વિના હું અનૃણી શી રીતે બનવાનો?' તેણે બે હાથ જોડયા. ભગવાનને અભિ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાદન કર્યું. એમને જવા માટે રસ્તો કરી દેવા સારુ તે એક તરફ ખસી ગયો.

ભગવાન તથાગત બે પગલાં આગળ વધ્યા : 'અંગુલિમાલ ! આંહીં પડખે પાણીનાં ઝરણાં વહે છે. એ તારા નવા જન્મની રાહ જુએ છે. બ્રાહ્મણપુત્ર ! એકે હિંસા હવે બાકી નથી. વિચાર કરી જો ! अभित्थरेथ कल्याणे पापा चित्तं निवारये । [ કલ્યાણપ્રાપ્તિ માટે પાપમાંથી મનને રોકી લે. ]'

અંગુલિમાલ આમાં કાંઈક સમજ્યો. કાંઈક ન સમજ્યો. પણ તેણે નીચા નમીને ભગવાનના ચરણમાં માથું મૂકી દીધું. એ હાથ જોડીને બોલ્યો : 'ભગવાન ! મને તમારું શરણું મળો !'

'આવતો રે'! ભિખ્ખુ ! આવતો રે'. તને શરણું મળશે. નવો જન્મ મળશે, નવી વિદ્યા મળશે !'

અને તે આગળ વધ્યા.

અંગુલિમાલ લૂંટારો કેટલાય સમય સુધી ત્યાં ઊભો રહ્યો. એને કાંઈક થઈ ગયું હતું. એને પોતાનું જીવન સાંભરી આવ્યું હતું. હજી ભગવાન તથાગતની મધુર વાણીની હવા જાણે એ અનુભવી રહ્યો હતો ! એને ફેરફાર કરવાની ઇચ્છા જન્મી હતી ! એને અનૃણી બનીને ભિખ્ખુ સંઘમાં જવું હતું. પણ એક હિંસા હજી બાકી હતી. અને નવો શિકાર શોધવાની તો જાણે એનામાં હવે છાતી જ રહી ન હતી !

ભગવાન તથાગતે નિર્દેશેલા ઝરણાં તરફ તે ચાલી નીકળ્યો. ત્યાં જઈને એ કેટલીયે વાર સુધી બેઠો જ રહ્યો. એને કાંઈ સૂઝતું ન હતું. અચાનક એને બુદ્ધવાણી યાદ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવી : 'આંહીં પડખે અગાધ પાણીનાં ઝરણુ છે. એ તારા નવા જન્મની રાહ જુએ છે.' એનો મર્મ શું?

એના હાથ અચાનક માટી તરફ વળ્યા. એણે થોડું પાણી તેમાં રેડયું. એને કાંઈક વિચાર આવ્યો. તેણે ગુરુની પ્રતિમા સરજી. પ્રતિમાને ચરણે ધરવા નવસો નવાણું અંગુલિઓની માળા કાઢી. હજારમી ક્યાં હતી? ફરીને પેલી વાણી યાદ આવી : 'આંહીં અગાધ પાણીનાં ઝરણાં વહે છે. એ તારા નવા જન્મની રાહ જુએ છે!' અને 'બ્રાહ્મણપુત્ર! એકે હિંસા હવે બાકી નથી. વિચાર કરી જો.'

'આ.... હા' તે અચાનક બોલી ઊઠયો. તેને વાણીની વાણી, અમરવાણી, સંભળાણી. સમજાણી. આ.... હા! આ તો અમરવાણી! તેણે પોતાની પડખેથી એક છૂરિકા કાઢી. ભય દઈને પોતાની જ ટચલી આંગળી ક્રૂરતાથી વાઢી નાખી. 'આ હજારમી હિંસા, ગુરુદેવ! અંગુલિમાલ લૂંટારો આજે મરી ગયો છે. અહિંસક પાછો જન્મ્યો છે. આ હજારમી!'

અને તેણે ગુરુને ચરણે માળા ધરી દીધી. છૂરિકા પાણીના ઝરણામાં ફેંકી દીધી. એની પાછળ તલવારનો ઘા કર્યો. એની પાછળ બાણભાથાને ફેંકી દીધું. ખભેથી ધનુષ ઉઠાવીને ઊભા થઈને જોરથી એનો પાણીમાં ઘા કર્યો!

અને એ ભગવાનની પેલી પ્રેમવાણી 'એહિ ભિખ્ખુ! આવતો રે, ભિખ્ખુ,' એ સાંભળવા બુદ્ધનિવાસના જંગલ ભણી ચાલી નીકળ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

[ ૫ ]

શ્રાવસ્તી નગરી હાલકડોલક થઈ ગઈ હતી.

અંગુલિમાલના ત્રાસથી ત્રાસેલા લોકો એક મોટી પરિષદ્‌માં ભેગા થયા. રાજા પ્રસેનજીત લૂંટારાને વશ કરી શકયો ન હતો. સૈનિકોમાંથી કોઈ એને પકડી શકયા ન હતા. સેનાપતિઓ અસહાય થઈ ગયા હતા. લોકોએ પોકાર પાડયો :
'કાં રાજા રાજગાદી તજે, કાં લૂંટારાને વશ કરે !'

રાજાના મહાલયની સામે સેંકડો નગરજનો આવીને ઊભા રહ્યા.

મોટો કોલાહલ થઈ રહ્યો, કેટલાક મોટેથી બોલતા હતા : 'રાજા કયાં છે? કેમ રાજમહાલયમાં બેઠા છે ? એમના રાજમાં મહાભયંકર લૂંટારો છે એની શું એમને ખબર નથી ?'

'ભૈ ! ખબર તો બધી હશે, પણ શું કરે ? પકડવા જાય ને પોતાની અંગુલિ ઊડી જાય તો ?'

હાસ્યનું એક મોજું લોકોમાં ચાલ્યું ગયું. અનેક વક્રોક્તિઓ ચાલી.

મહાન કોલાહલ સાંભળીને રાજા પ્રસેનજીત બહાર આવ્યો. તેનું મોં ફિક્કું પડી ગયું હતું. એની આંખમાં અસલનું નૂર ન હતું. એણે અંગુલિમાલને પકડવા આકાશ-પાતાળ એક કર્યાં હતાં. પણ પવન પકડાય તો લૂંટારો પકડાય. એવી અશકયતા જોઈને એ ત્રાસી ગયો હતો. પોતે અપરાધી છે એ વિચારથી એ ગભરાટ અનુભવી રહ્યો હતો.

પણ એને બહાર આવેલો જોતાં જ નગરજનોએ મોટો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોલાહલ કરી મૂકયો, 'અરે રાજા! ક્ષત્રિય થઈને પ્રજાનું રક્ષણ કરવાની તાકાત પણ તમારામાં નથી? તો તમે રાજ શું કરવા કરો છો?'

'અરે! એક લૂંટારાને પહોંચી શકાતું નથી?'

'પોતાની આંગળી લૂંટારો કાપી જાય એ બીક લાગતી હશે ભાઈ! પછી રાજા કયાંથી બહાર નીકળે?'

જેમ જેને ઠીક પડે તેમ નગરજનો બોલી રહ્યા હતા. રાજા પ્રસેનજીત સાંભળી રહ્યો હતો.

રાજા પ્રસેનજીતે તરત જ પાંચસો ઘોડેસવારોને બોલાવ્યા. અને પોતે તેમને મોખરે અંગુલિમાલ લૂંટારાની શોધમાં ચાલી નીકળ્યો.

એણે એમ સાંભળ્યું હતું કે ભગવાન તથાગતના આરામસ્થાન જેતવન તરફ હમણાં હમણાં લૂંટારો બહુ આંટા મારે છે.

એટલે જેટલી ભૂમિમાં રથમાં જવાય તેવું હતું તેટલી ભૂમિમાં રથ હાંકીને પછી રાજા પગપાળો ભગવાનના સાન્નિધ્યમાં જવા માટે નીકળ્યો.

રાજાને સૈન્ય સહિત આવેલો જોઈને ભગવાન તથાગતે કહ્યું: 'કેમ મહારાજ! આટલું સૈન્ય લઈને કયાં ઊપડયા છો? મગધના રાજા સાથે લડાઈ જાગી છે કે શું છે?'

'ના ભગવાન! મગધરાજ સાથે લડાઈ જાગી નથી, કે કોઈ બીજાની સાથે પણ લડાઈ ઊપડી નથી. પણ આ પ્રદેશમાં મહાદુષ્ટ ને ભયંકર અંગુલિમાલ લૂંટારો ભટકે છે, તેને પકડવા માટે હું નીકળ્યો છું!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભગવાને શાંતિથી કહ્યું : 'પણ એ અંગુલિમાલ દાઢી-મૂછ મૂંડાવીને, પીળાં ભગવાં પહેરીને, ઘરત્યાગ કરીને, કોઈ સાચા શ્રમણ ભિખ્ખુ જેવો તમારી નજરે પડે તો તમે એને શું કરો ?'

'તો તો ભગવાન! શ્રમણ સાધુ પ્રત્યે જે વર્તાવ ઘટે તે વર્તાવ તેના પ્રત્યે રાખવો પડે. તેને ભોજન માટે આમંત્રણ આપવું પડે. તેના ધર્મવેષને અભિવાદન કરવું ઘટે. પણ જે આવો દુષ્ટ છે, જે વિના કારણ માણસની અંગુલિ કાપી લે છે, તેનામાં આવી સદ્‌બુદ્ધિ આવે, એ વાત તો ન ભૂતો ન ભવિષ્યતિ જેવી છે. નેવનાં પાણી મોભે ચડયાં કોઈએ સાંભળ્યાં છે ?'

પણ એ જ વખતે અંગુલિમાલ લૂંટારો ત્યાં બેઠો હતો. ભગવાન તથાગત પાસે જ બેઠો હતો.

રાજાની સામે જોઈને તેના હાથને સ્પર્શ કરતાં ભગવાને કહ્યું : 'મહારાજ ! આ બેઠો દૂર, પેલા ખૂણામાં, એ જ અંગુલિમાલ લૂંટારો પોતે !'

પણ એ સાંભળતાં રાજા સ્તબ્ધ થઈ ગયો. તેને લાગ્યું કે લૂંટારો આંહીં પહેલાં પહોંચી ગયો લાગે છે.

પણ ભગવાને કહ્યું : 'મહારાજ ! એ તો સંસારવિરક્ત શ્રમણ ભિખ્ખુ અંગુલિમાલ છે. લૂંટારો અંગુલિમાલ તો તો ક્યારનો વિદાય થઈ ગયો !'

રાજાને નવાઈ લાગી. પણ તેણે ખાત્રી કરવા માટે પેલા ભિખ્ખુ તરફ નજર કરી. ત્યાં જઈને તેને પૂછ્યું પણ ખરું : 'હું આયુષમાન અંગુલિમાલને જોઉં છું કે કોઈ બીજાને ?'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'મહારાજ !' ભિખ્ખુએ શાંત વાણીમાં કહ્યું : 'હું જ અંગુલિમાલ છું !'

'પણ તમારું ખરું નામ શું છે ?'

'હું તો ખરી રીતે બ્રાહ્મણ છું. મારા પિતા ગાર્ગ્ય. મારી મા મૈત્રાયણી. હું તમારો જ પુરોહિતપુત્ર મહારાજ ! પણ હવે હું ગાર્ગ્યપુત્ર પણ નથી. અંગુલિમાલ પણ નથી. હું તો મહારાજ ! ભિખ્ખુ છું ! એ રીતે મહારાજ મને જુએ. રાત વીતી ગઈ. પ્રભાત થયું છે.'

પોતે જે જોતો હોય તે માનતો ન હોય તેમ પ્રસેનજીત રાજા લૂંટારા તરફ જોઈ રહ્યો. પણ અંગુલિમાલની રેખાએ રેખામાંથી હવે અદ્ભુત શાંતિ પ્રગટતી હતી.

રાજા નવાઈ પામીને ભગવાન બુદ્ધ પાસે પાછો ગયો. આશ્ચર્યનો માર્યો કેટલીક વાર સુધી તે બોલી શકયો નહિ. પછી તે ધીમેથી બોલ્યો : 'અદ્ભુત ! ભગવાન ! ભારે આશ્ચર્યની વાત ભન્તે ! જેને જીતવા આકાશપાતાળ એક કર્યાં, તે આમ અચાનક જિતાઈ જશે એમ કોણે ધાર્યું હતું ? વિના શસ્ત્રની આ જીત એ એક અદ્ભુત આશ્ચર્ય સમાન છે. એ થઈ શી રીતે ? અદ્ભુત વાત છે !'

'મહારાજ ! જેમ વૈરને અવૈર જીતે, જેમ અપ્રેમને પ્રેમ જીતે, તેમ અંગુલિમાલને મૈત્રાયણીપુત્ર જીતે. માનવને માનવ જ જીતે. જીવનપ્રભાતે એ જુદો હતો. જીવનસંધ્યાએ એ જુદો જ બની ગયો. એનો દિવસ સફળ થઈ ગયો !'

પછી રાજા પાછો શ્રાવસ્તી નગરીમાં ગયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બીજે દિવસે આયુષ્માન અંગુલિમાલ પાત્રચીવર લઈને ભિક્ષાટન માટે શ્રાવસ્તી નગરીમાં ગયો.

પણ શ્રાવસ્તી નગરીમાં તો કર્ણોપકર્ણ વાત આવી ગઈ હતી કે પેલો ભયંકર લૂંટારો હવે ભિખ્ખુ બનીને ભિક્ષાટન કરવા નીકળ્યો છે.

જે ઉદાર મનના હતા તે તો આ આશ્ચર્યકારક ઘટનાની વાત સાંભળીને છક્ક થઈ ગયા, સમજ્યા કે, ભગવાન બુદ્ધના પરિચયથી એક લૂંટારાનું જીવન બદલાઈ ગયું હતું.

પણ જે અદક પાંસળીના હતા તે તો હજી પણ માનતા હતા કે મારો બેટો લૂંટારો પકડાવાના ભયથી આ પીળાં પહેરીને બેઠો છે!

'ભગવાન તથાગતના નામે શ્રાવસ્તી નગરીનાં ઓ નગરજનો! ભગવાન તથાગતના નામે કોઈ ભિક્ષા આપો!'

પણ લોકના દિલમાંથી એના પૂર્વજીવનની વાત જતી નથી. કોઈ એને મેણાં મારે છે. કોઈ ઉપાલંભ આપે છે. કોઈ વક્રોક્તિ કરે છે. કોઈ કોઈ તો ગાળો આપે છે. પણ જાણે એ કાંઈ સાંભળતો ન હોય, સાંભળેલું સમજતો ન હોય તેમ ભિખ્ખુ અંગુલિમાલ ઠેકાણે ઠેકાણે ભિક્ષા માગતો ફરે છે.

એને કોઈ ભિક્ષા આપતું નથી. એને બદલે અંગુલિમાલને ભિક્ષાટન કરતાં કરતાં કોઈએ ફેંકેલી લાકડી વાગી. કોઈનો પથરો વાગ્યો. કોઈએ કૂતરાને હાંકવાને બહાને તેના માથાને ફોડયું. કોઈએ એના ચીવરને ફાડી નાખ્યું. તો કોઈએ મૂઠી ભરીને ધૂળ એના પાત્રમાં નાખી!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લોહી વહે છે, ચીવરનાં ચીંથરાં ઊડે છે, ભાંગેલું પાત્ર હાથમાં રહી ગયું છે, વસ્ત્ર ફાટ્યું છે તે સંકેલતો આવે છે. એક વખતનો મહા ભયંકર લૂંટારો અંગુલિમાલ, અત્યંત શાંતિથી જાણે આ વેદના, અપમાન કે માર, એ કાંઈ જ ન હોય તેમ, એ સહીને પરમ સહિષ્ણુતા દેખાડતો, ભગવાનના આશ્રમ ભણી ચાલ્યો આવે છે!

એને એવો આવતો જોઈને ભગવાન બુદ્ધ બોલી ઊઠયા : 'ધન્ય છે રે આયુષમાન્! તને ધન્ય છે! જે કર્મવિપાક તારે ભોગવવાનો આવત, તે તેં અત્યારે ભોગવીને, જાણે વિધાતાના લેખને પણ મેખ મારી દીધી! ધન્ય છે બ્રાહ્મણ! તને ધન્ય છે!'

તે રાત્રે અંગુલિમાલ લૂંટારાના જીવનમાં પહેલવહેલી કવિતા સ્ફુરી અને તે ગાવા મંડયો :

'પહેલાં હું અંગુલિમાલ લૂંટારો હતો. મહાસંસાર-પ્રવાહમાં વહી રહ્યો હતો. ડૂબતો ડૂબતો હું ભગવાન બુદ્ધને શરણે ગયો, અને ભવજાળ લપેટાઈ ગઈ. આજ મારે કોઈ ઋણ રહ્યું નથી. કોઈનું દેવાનું નથી.

'પરમ શાંતિ પામીને હું દંડ વિના ભવજલ તરી રહ્યો છું!

'જેનાં ભૂતકાળનાં ખોટાં કામ, વર્તમાન કાળનાં સારાં કામ વડે છવાઈ જાય છે તે દુનિયાને પ્રકાશ આપે છે, ને પ્રકાશ મેળવે છે. જેમ રસ્તો બનાવનારા સીધી, ખાડાટેકરા વિનાની પાણી હરકત વિના ચાલ્યું જાય તેવી નીકો બનાવે છે, જેમ ધનુષ બનાવનારા કામઠાને બરાબર કરે છે, જેમ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સુતાર લાકડાને બરાબર સરખું બનાવે છે તેમ પ્રાજ્ઞ પોતાના મનને ઘડે છે.

'ઘણાને ભિક્ષા મળે છે ત્યારે જ્ઞાન મળે છે. ઘણાને દંડ વિના સમજાતું નથી. પણ મને તો ભગવાને વાણી માત્ર કહી, અને ચમત્કાર જેમ મારું મન હું સમજી ગયો!

'અંગુલિમાલ લૂંટારો હું હતો ત્યારે મારા હાથ લોહીભીના હતા. મારા માથા ઉપર કેટલો બધો ભાર હતો! એ બધો ભાર હવે ઊડી ગયો છે. હું અનૃણી બનીને આજે ફરું છું!

'અજ્ઞાન માણસો ઊંઘે છે. પ્રાજ્ઞ લોકો જાગે છે. ઊંઘનારા પોતાનો મહામૂલ્યવાન ખજાનો ખોએ છે. જાગનારા જ એને સાચવે છે. ખજાનો દરેકને મળ્યો છે. દરેકને સરખો ખજાનો આપ્યો છે. પણ ભેદ ઊંઘનારમાં ને જાગનારમાં છે!

કેટલાક ઊંઘે છે. કેટલાક પોતાની વૃત્તિઓનાં જાગરણને સંભાળ્યા કરે છે. કેટલાક એમના લાલનપાલન માટે જ જાણે જાગે છે. પણ સુખ તો તેને મળે છે જે પોતાના ખજાનાની અમૂલ્ય વસ્તુઓને જોતો રહેશે.

'જે પોતાના ભૂતકાળને ભૂલવા નવો વર્તમાન કાળ સરજે છે તે જીવે છે. તેનામાં જીવન છે. એનું મૃત્યુ એ મહા જીવન છે!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# સત્યની સ્થાપના



[ ૧ ]

મહારાજ અશોકની પાસે ચંદ્રગુપ્ત સભાના મંત્રીઓ આવ્યા. એ વખતે હજી મહારાજ અશોક જુવાન અને અસંયમી.

એ જમાનામાં રાજા સર્વશક્તિમાન ગણાતો હતો. પણ મંત્રીઓની પરિષદ્નો એના ઉપર જેવોતેવો કાબૂ ન હતો.

મંત્રીઓ ત્યાં આવીને બેઠા. મહારાજ અશોક સમજી ગયા કે મંત્રીઓને કાંઈક અગત્યની વાત કહેવાની છે.

તેમણે સામેના દ્વાર ઉપર દૃષ્ટિ કરી. તરત ત્યાં ઊભેલી સશસ્ત્ર યવનીઓ ચાલી ગઈ. આખા ખંડમાં માત્ર મહારાજ અને મંત્રીઓ રહ્યા.

મુખ્ય મંત્રી ખલ્લાટક હતો. તેણે બધાની વાત શરૂ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરી : 'મહારાજ ! અમે તમને એક પ્રશ્ન પૂછવા આવ્યા છીએ !'

'શું પ્રશ્ન છે ?' મહારાજે કહ્યું.

'આ રાજ કોનું છે ?' મંત્રીએ જવાબ આપવાને બદલે સામે પ્રશ્ન કર્યો.

'કેમ રાજ કોનું છે ! રાજ મારું છે. પણ આવો પ્રશ્ન તમે શા માટે પૂછી રહ્યા છો ?'

'એ વાત હમણાં જ આવે છે. પણ પહેલાં તો, મહારાજ, આ વાત ખીલે બંધાવી જોઈએ કે રાજ કોનું છે ?'

'રાજ મારું !' મહારાજ અશોકે કાંઈક ગર્વથી કહ્યું. એ વખતે હજી એ જુવાન હતા. પાછળથી જે જ્ઞાન પ્રાપ્ત કર્યું તેનો અંશાંશ પણ ત્યાં ન હતો. એટલે એમણે તો ફરીથી રણકો કરતો, માથામાં વાગે તેવો જવાબ વાળ્યો : 'રાજ મારું છે મહામંત્રી ! અને તે મેં બાહુબળથી મેળવ્યું છે !'

'તો તો અમારે મહારાજને કાંઈ કહેવાનું નથી. અમે જેવા આવ્યા છીએ, તેવા પાછા જઈએ !'

'પણ વાત શી છે ?'

'એ વાતની શરૂઆત ત્યાર પછી જ થશે, મહારાજ !' મુખ્ય મંત્રી ખલ્લાટકે ટકોરાબંધ જવાબ વાળ્યો : 'જ્યારે મહારાજનું મન આ વાતનો પ્રથમ નિર્ણય કરી લેશે. અમે તો આ પાટલીપુત્ર નગરીમાં, કોઈ દિવસ રાજાનું રાજ જોયું નથી. હા, રાજા જોયા છે, એમની આજ્ઞાઓ સાંભળી છે, એમને અમે અસાધારણ માન પણ આપ્યું છે. પણ રાજ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજાનું છે, એ વાત આજે નવી નવાઈભરેલી રીતે અમે સાંભળીએ છીએ.'

'પણ ત્યારે તમે કહોને – રાજ કોનું છે?'

'રાજ તો છે, મહારાજ! પ્રજાજનોનું. પ્રજાકલ્યાણ માટેની એ એક વ્યવસ્થા છે. જેમ ઠીક પડે તેમ, પોતાના મનતરંગ ઉપર હુકમો કરવા માટે, રાજાને સત્તા મળી નથી. એટલે રાજ તો છે, પ્રજાજનોનું!'

'સારું, રાજ પ્રજાજનોનું છે, એ તમે મને કહ્યું. મેં એ સાંભળ્યું. હવે તમારે શું કહેવાનું છે, એ કહો!'

'મહારાજ! અમારે કાને એક વાત આવી છે. નાના ભાઈ વિગતશોકનું વર્તન ઉચ્છૃંખલ છે. એ ગમે તેમ વર્તે છે. જે હેએ તેને મારે છે. મદ્યપાન કરે છે. સારાનરસાનો એને વિવેક નથી. મહારાજે એને તત્કાલ દેશપાર કરવા જોઈએ!'

'દેશપાર? અરે, એને હમણાં જ હણી નાખું દેશપાર શું કરવાનો? મારો ભાઈ છે તેથી શું? કોઈને ઉચ્છૃંખલ થવાનો જરાય અધિકાર નથી.'

મહારાજ અશોકનો હાથ એમની લાંબી તલવાર ઉપર ગયો. પણ મહારાજનો સ્વભાવ એક વખત જો ઉગ્ર બન્યો, તો થઈ રહ્યું. એટલે મંત્રીઓ એ જોતાં હવે ધ્રૂજી ઊઠયા. એ વખતે મહારાજ અશોક ઘણા પ્રચંડસ્વભાવી હતા. એમને તલવાર ધારણ કરતા જોઈને, હવે કોઈ કાંઈ જ બોલી શકયું નહિ. મહારાજ અશોક તો તલવાર લઈને તરત ઊભા થયા: 'ચાલો! તમારા દેખતાં જ, હું એને એની દુષ્ટતાનો દંડ આપું છું. તમે જુઓ તેમ. ચાલો, હું આગળ થાઉં છું!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મંત્રીઓને પોતાની પાછળ પાછળ ચાલવાનું કહીને મહારાજ આગળ ચાલ્યા. પણ મહારાજ અશોકને આ પ્રમાણે જતા જોઈને નગરમાં હાહાકાર થઈ ગયો.

વિગતશોકને આ વાતની ખબર પડી ગઈ હોય કે ગમે તેમ, એ પણ તલવાર લઈને, પોતાના ભવનના મુખ્ય દ્વારની આગળ જ ઊભો રહ્યો. બન્ને ભાઈઓ વચ્ચે ભયંકર દ્વંદ્વયુદ્ધ થઈ જાય, એવી ઘટના સરજાવા લાગી.

[ ૨ ]

આ પ્રમાણે એ બધા જઈ રહ્યા હતા, તેટલામાં કોઈનો શાંત પ્રેમભર્યો અવાજ આવ્યો : 'ભગવાન તથાગતના નામે કોઈ ભિક્ષા આપો....હો, નગરજનો !'

શેરીએ શેરીએ પડઘા પાડતો, આ મહા શાંત સ્વર થોડી વારમાં તો મહારાજ અશોક અને એની મંડળી પાસે આવી પહોંચ્યો.

એક સૌમ્ય પ્રેમમૂર્તિ સાધુ સામેથી ત્યાં ચાલ્યો આવતો દેખાયો. તેના હાથમાં ભિક્ષાપાત્ર હતું. તેનો અવાજ મૃદુ, પ્રેમભર્યો, શાંત હતો. એની આંખ ધરતી ઉપર હતી. એ ધીમે ધીમે ચાલ્યો આવતો હતો.

વિગતશોકના રાજભવનની દિશામાંથી જ એને આવતો જોઈને, મુખ્યમંત્રી ખલ્લાટકે પૂછ્યું : 'ભદન્ત યશ ! તમે મહારાજ વિગતશોકને જોયા ?'

સ્થવિર યશ એ સાંભળતાં જ ત્યાં ઊભો રહી ગયો : 'ભણે મહામંત્રી ! મહારાજના ભાઈ તો ત્યાં રાજભવનના મુખ્ય દ્વાર સમક્ષ જ ઊભા છે. એમના હાથમાં પણ પ્રાણ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઘાતક અસિ છે. આંહીં મહારાજે પણ અસિ લીધી છે. આ બધું શું છે? અસિનો શું ખપ પડચો છે?'

મંત્રીઓએ તેને એક તરફ લઈ જઈને, વિગતવાર વાત કહી. બધાને હવે મહારાજ અશોકની પ્રચંડતાનો ભય લાગતો હતો. બન્ને ભાઈઓના દ્વંદ્વયુદ્ધમાંથી તો કોણ જાણે કેવી જવાલા પ્રગટે તે કહેવાય નહિ. ઘાત કરવા ઉપર જો વાત ચડી જાય, તો વખતે મોટી હાનિ સરજાવી દે એટલે આમાંથી કાંઈક રસ્તો કાઢવા માટે, એમણે આ સાધુનો આશ્રય લીધો.

સ્થવિર યશે વાત સાંભળીને કહ્યું : 'તમે મહારાજને કહો કે તમે એને હણી નાંખશો તેથી શું થશે? માણસને ફેરવવો; એ મહત્ત્વનું છે, હણવો એ નહિ!'

'અમારે પણ એને ફેરવવો છે.' મંત્રીઓ બોલ્યા.

'તો માણસને ફેરવવાનું શસ્ત્ર છે, જ્ઞાન. સમશેર નહિ. તમે એમ કરો, મહારાજને જ વિજ્ઞપ્તિ કરો. મહારાજ ભલે એને મૃત્યુદંડ આપે. પણ આમ નહિ. અત્યારે ને અત્યારે નહિ. એને સાત દિવસ પછી મૃત્યદંડ આપે. સાત દિવસને અંતે. અને સાત દિવસ સુધી તો એને રાજા બનાવે!'

'રાજા બનાવે એને? અને એ વાત, મહારાજ અશોક કબૂલ કરે?'

મંત્રીઓ વાત સાંભળી રહ્યા પણ કોઈનાથી કાંઈ બોલાય તેમ ન હતું. મહારાજ અશોકનો ચહેરો એવો ઉગ્ર દેખાતો હતો.

'ભન્તે મંત્રી! એને સત્પંથે વાળવાની આ એક યુક્તિ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે. એને એ રીતે જ તમે વાળી શકશો. એને રાજા બનાવવાની કોઈ વાત નથી પણ એને મૃત્યુદંડ દેવો છે કે એને ફેરવવો છે?'

ખલ્લાટકને પણ લાગ્યું કે જો હમેશને માટે વિગતશોકનું ઘર્ષણ ટળી જતું હોય, તો આ છે કરવા જેવું. તેણે સ્થવિરને કહ્યું: 'પણ મહારાજ અશોકને કાને આ વાત નાખે કોણ? એ અત્યારે પ્રચંડ વેગમાં છે એમને પાછા વાળવા એ મદોન્મત્ત હાથીને વાળવા કરતાં પણ વધુ મુશ્કેલ છે!'

સ્થવિર યશ બોલ્યો: 'એ કામ મારા ધર્મનું છે. ચાલો...'

[ ૩ ]

સ્થવિર યશના કહેવાની અસર થઈ હોય કે પછી મહારાજને પણ આ રસ્તો વધારે સારો લાગ્યો હોય, તેમણે બધાને આશ્ચર્યમાં નાખી દીધા. એમણે વિગતશોકને સાત દિવસ માટે રાજ આપવાનું કબૂલ કર્યું.

આઠમે દિવસે એને દેહાંતદંડ દેવો, એવી આજ્ઞા પણ સાથે સાથે થઈ ગઈ. મહારાજની આજ્ઞા સાંભળીને વિગતશોક પણ નવાઈ પામી ગયો. એ તો લડવા માટે તૈયાર હતો.

પણ સાત દિવસમાં એને જે આનંદ, વિનોદ, પ્રમોદ, શિકાર, ખેલ, નૃત્ય, નાટક કરવાં હોય તે કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા મહારાજે આપી હતી. એટલે તરત તો એને મનમાં ખુશાલી પણ થઈ. નગરમાં પણ એ પ્રમાણે ઘોષ થઈ રહ્યો હતો. સાત દિવસ માટે મહારાજ અશોકનું રાજ જ જાણે ખોવાઈ ગયું. એનો ભાઈ વિગતશોક રાજા કહેવાયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિગતશોકને બધી છૂટ હતી. માત્ર એ ભાગવાનું કરે, તો એને બંધન દેવાનું હતું.

પણ આવી આજ્ઞા સાંભળતાં પહેલાં તો એ ખુશ-ખુશાલ થઈ ગયો હતો. એના મનને સાત દિવસ તો સાત યુગ જેવા લાગ્યા હતા. એને થયું હતું કે સાત દિવસમાં તો એ પાટલિપુત્ર નગરીને આકાશમાં ઉડાડી મૂકશે. અને જીવનની બધી મોજ લૂંટી લેશે. કોઈ મોજ બાકી જ નહિ રહેવા દે ને! પછી જીવે ને જીવે સરખું, એવું સાત દિવસમાં એ ભોગવી લેશે.

એક દિવસ તો એણે એમ મોજ કરી પણ ખરી. પણ બીજો દિવસ ઊગ્યો, ત્યાં એના મનમાં, કોણ જાણે ક્યાંથી, એક નવો ભય આવતો એણે જોયો. એ નવો ભય જાણે માથે લટકતો હતો! 'સાત દિવસ તો ખરા, પણ સાત દિવસને અંતે તો મરવાનું છે એનું શું?' આવી મનોદશા પ્રગટી.

છતાં એણે નૃત્યાંગનાઓ બોલાવી. નાટક–ચેટકવાળા આવ્યા. આનંદ—વિનોદ—પ્રમોદ માટે પોતાના મિત્રોને ભેગા કર્યા. પણ કોણ જાણે કેમ, જાણે વાતમાંથી હવે રસ ઊડી ગયો હતો! એ કાંઈ આનંદ કરી શક્યો જ નહિ. ને દિવસ તો એમ ને એમ આથમી ગયો. એમ કરતાં કરતાં સાત દિવસ પણ ઝપાટાબંધ પૂરા થઈ ગયા.

આઠમે દિવસે તો એને મરવાનું હતું. આગલી સાંજે જ મહામંત્રી બલ્લાટકે એને તૈયાર રહેવા સૂચના પણ મોકલાવી હતી. ચાંડાલ રક્તનેત્ર પણ ત્યાં ફરકી ગયો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ બીજે દિવસે પ્રભાતે જ, સ્થવિર યશ ત્યાં એની સમક્ષ ઊભો રહી ગયો હતો.

એણે એને મૃત્યુને જીતવાનો પંથ બતાવ્યો. જે મૃત્યુથી ડરતો નથી, તેને મૃત્યુ ડારતું નથી.

સ્થવિર યશના ઉપદેશથી વિગતશોક બૌદ્ધ સાધુ થવા તૈયાર થયો, અને મૃત્યુદંડથી ઊગરી ગયો. એક વખતનો ઉચ્છૃંખલ કુમાર મહાવિવેકી થઈ ગયો.

ત્યારથી પાટલીપુત્ર નગરીમાંથી પણ અરાજકતા ચાલી ગઈ. લોકોના મનમાં હંમેશાં રાજાના ભાઈનો જે ભય રહેતો હતો, તે ભય ચાલ્યો ગયો. હવે તો સાધુ વિગતશોકનો શાંત ભિખ્ખુ અવાજ હમેશાં સંભળાવા લાગ્યો.

[ ૪ ]

વર્ષો પછીની વાત છે. એ વખતે તો મહારાજ પણ બૌદ્ધપંથમાં ભળ્યા હતા. પણ હજી રહીરહીને ક્યારેક એમનો પ્રચંડ સ્વભાવ પ્રગટ થઈ જતો હતો.

એક વખત કોઈક મૂરખાએ એક ભયંકર કામ કર્યું. એણે ભગવાન બુદ્ધની પ્રતિમાને હાનિ પહોંચાડી. મહારાજને એની જાણ થઈ. થઈ રહ્યું. એમનો રોષ પ્રચંડ બન્યો. આવું થાય ત્યારે સામાન્ય માણસ પણ સ્વભાવ ઉપરનો કાબૂ ગુમાવે ત્યારે આ તો એક રાજા હતા! એણે તરત અપરાધીઓની તપાસ માંડી. તપાસમાં તો સેંકડો પકડાયા. નિર્દોષ દોષિત બધા એમાં આવી જતા હતા. એમાં કોણ દોષિત, કોણ નિર્દોષ એ કોણ કહી શકે? પણ આ વાત ફરી થાય જ નહિ, માટે એમણે કેટલાકને દેહાંતદંડ જ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દઈ દીધો. ભવિષ્યમાં આવા અપરાધના સાચા અપરાધીને જે પ્રગટ કરે, તેને માટે મોટું ઇનામ આપવાનું પણ જાહેર કર્યું.

લોકમાનસ એવું કે એક વખત હઠે ચડયું, તો હઠે ચડયું. એને વાળવાની કળા તો માણસમાં ત્યારે હોય, જ્યારે માણસે પોતાનો જ પૂરો અભ્યાસ કર્યો હોય. તે વિના તો લોક હઠે ચડે, એટલે સત્તાધીશો હજારગણા હઠે ચડે. કારણ કે છેવટે તો એ પણ નિર્માલ્ય માણસો જ હોય છે ને? અધિકાર મળ્યે કાંઈ અંદરનો માણસ ફેરવાઈ જાય? એ તો જાતપરીક્ષણ વિના ફરે જ નહિ.

એટલે મહારાજે જેમ કડક આજ્ઞા કરી, તેમ લોકોએ કડક જવાબ વાળ્યો. એ પણ હઠે ચડી ગયા.

એમણે ફરી વાર ભગવાન બુદ્ધની પ્રતિમાને કયાંક નુકસાન પહોંચાડયું. મહારાજે જ્યારે આ જાણ્યું, ત્યારે એમના રોષનો પાર રહ્યો નહિ.

એમણે તરત જ આજ્ઞા કરી. આ કરનારને જે પકડી પાડે તેને મોટું ઇનામ આપો. અને જેમણે આ કર્યું હોય તેને દેહાંત દંડ આપો.

વિગતશોક એ વખતે તો સાધુતાને પંથે પણ, મહાન શિખર ઉપર પહોંચી ગયો હતો.

એણે આ વાત સાંભળી. એને ઘણું દુઃખ થયું. મહારાજ ધર્મપંથે વળ્યા હતા એ ખરું, પણ ધર્મનું જે સાચું રહસ્ય, મહાન ક્ષમા, મહાન સહિષ્ણુતા, એ હજી એમણે પ્રાપ્ત કર્યાં ન હતાં.

મહારાજનો ધર્મ–આગ્રહ દિવસે દિવસે વધતો જતો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતો. ઘણાને ખબર પડતી નથી, પણ એક ધર્મનો અતિ આગ્રહ, એ અધર્મથી લેશ પણ ઊતરતો નથી.

એટલે વિગતશોકે વિચાર કર્યો કે મહારાજે, એક વખત આડકતરો ઉપદેશ આપીને, એને ધર્મપંથે વાળ્યો હતો. એને રાજ મળ્યું, સાત દિવસ પછીનો મૃત્યુદંડ મળ્યો, તો એનું મન, એ સાત દિવસમાં મંથન કરી કરીને, છેવટે સમ્યગ્ જ્ઞાન તરફ વળ્યું હતું. એ વખતે એનો એ રસ્તો મળી ગયો, તો આજે એ ધર્મનો આનંદ જોઈ શકે છે.

મહારાજ અશોકને ધર્મનો પંથ તો મળ્યો છે. પણ એમનો અતિઆગ્રહ એમને વારંવાર માર્ગ ભુલાવી દે છે. એટલે વિગતશોકે નિશ્ચય કર્યો કે પોતે મહારાજને પથદર્શન કરાવે. તો એની સાધુતા સફળ થાય. તો એ સાધુ થયો પ્રમાણ !

એવો ખ્યાલ કરીને, એ પોતાના રાજગૃહ નગરીના ગૃધ્રકૂટ વાસમાંથી, એકાંત જંગલવાસમાંથી, મહારાજને મળવા માટે બહાર નીકળ્યો. તે ધીમે ધીમે પાટલીપુત્રને રસ્તે પડયો.

પણ એણે જોયું કે એનું શરીર તો હવે કથળ્યું હતું. એને નવા દેહની જરૂર હતી.

વચમાં એક ભરવાડ કુટુંબને ત્યાં એ રાત રહ્યો.

વિગતશોકનો સાધુનો વેષ કાંઈક વિચિત્ર હતો. આવા જ કોઈક સાધુ દ્વેષથી પ્રેરાઈને, ભગવાન બુદ્ધની પ્રતિમાને ઉથલાવી પાડતા હતા, એવી વાત હવામાં હતી. રાજના માણસો પણ આવા જ કોઈક સાધુની શોધમાં રાતદિવસ ફરતા હતા.

અને એવા માણસના માથા ઉપર તો મોટું ઇનામ હતું.

ભરવાડ કુટુંબને આ વાત મળી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભરવાડ કુટુંબ ગરીબીમાં તો સડતું હતું. એટલે એમને થયું કે, જો આ સાધુને જ પકડીએ, અને એને મહારાજના ગુપ્તચરોને સોંપી દીધો હોય, તો મોટું ઇનામ મળી જાય. આપણો જનમારાભરનો પ્રશ્ન પતી જાય અને આ સાધુનું પણ કામ થઈ જાય. અમસ્તો પણ એ જીવનથી કંટાળ્યો લાગે છે. નવા દેહની વાતો કરે છે, તો આપણે પ્રચલિત હવાનો લાભ ઉઠાવો. અત્યારે તો છીંડે ચડયો તે ચોર, એવી વાત ચાલે છે. એમાં આ અપરાધી ગણાશે, આપણી ગરીબી જાશે, ને આ સાધુને તો જીવવા-મરવામાં કાંઈ વાંધો નથી. ગુસપુસ બધા આ વાત કરે.

વિગતશોક એમની આ વાત સમજે. એને થયું કે આ ભરવાડ કુટુંબની સ્વાર્થવાત તો ઠીક, પણ મહારાજ હમેશને માટે દેહાંતદંડ જ નાબૂદ કરી દે, એવી કોઈક વાત, ભગવાનની ઇચ્છા તો, આમાંથી જન્મે માટે દેહ ભલે છેલ્લું છેલ્લું કામ કરી દેતો !

એણે રાતમાં કુટુંબના વડાને પોતાની તરફ આવતો જોયો. એ શા માટે આવે છે તે સમજી ગયો. માથે ઓઢીને જાણે એ ઘસઘસાટ ઊંઘમાં પડી ગયો.

પોતાનો દેહ હણાતો હતો, પણ મહારાજના જીવનમાં સત્યની સ્થાપના થતી હતી. આ જેવી તેવી વાત ન હતી. એણે કાંઈ ન હોય તેમ પોતાની જાતને હણાવી દીધી.

અને રાતમાં વિગતશોકને હણીને, એનું માથું લઈ, એ કુટુંબનો વડો પુરુષ ગુપ્તચરોના વડાને મળ્યો.

ગુપ્તચરોને તો આટલું જ જોઈતું હતું. કારણ કે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોઈ એક માણુસ પકડાતો ન હતો, ને રાજાનો રોષ એમ એમ વધતો જતો હતો. એમનો એવો આડકતરો રોષ તો બીજા અનેક અન્યાયોનો જન્મદાતા બનતો હતો. સત્યને નામે અસત્યો ઊભાં થતાં હતાં.

એટલે આ જે આવી ગયો, તે ઠીક હતું. એ તો માથું લઈને, આવેલા માણુસને લઈને, તરત રાજા પાસે પહોંચી ગયો. પેલા માણુસને શિખવાડયું કે, તારે એમ જ કહેવું કે, મેં પોતે જ આ માણુસને પ્રતિમાભંગ કરતાં જોયો હતો. અને તેથી એને હણી જ નાખ્યો હતો. માટે મને, રાજે કહેલું ઇનામ મળવું જોઈએ.

પણુ રાજા અશોકની પાસે જ્યારે આ માથું લાવવામાં આવ્યું, ત્યારે એની ખિન્નતાનો પાર ન રહ્યો.

એ તો વિચારમાં જ પડી ગયા. પોતાના ભાઈ વિગત-શોકને એણે પોતાની સામે જોયો. એની આંખમાંથી આંસુ ચાલી નીકળ્યાં. એના ભાઈએ આ કામ કર્યું હોય? એ તો સંભવિત જ ન હતું. ત્યારે? આ માણુસે ઇનામની લાલચમાં જ એને હણ્યો હતો. એમનો શોક એમને ઊંડે ઊંડે સત્યશોધનમાં લઈ ગયો.

પણુ આ તક જોઈને મંત્રી ખલ્લાટકે કહ્યું: 'પ્રભુ! રાજની આજ્ઞાને લીધે, આ ગરીબ માણુસે આ ગુનો કર્યો લાગે છે, કેવળ ઇનામની લાલચે. દેહાંતદંડનો ખરો અધિ-કારી તો એ છે!'

પણુ મહારાજ અશોક તો, દિલમાં ઊંડા ને ઊંડા ઊતરતા ગયા. એણે કલ્પનામાં વિગતશોકને, પોતાને સમ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જાવવા માટે આવતો જોયો. ને લાલચભરેલા મોટા ઇનામની આશાને લીધે, આ ગરીબ માણસને, અપરાધ કરતો જોયો.

એમના દિલમાં સત્ય જાગ્યું.

અપરાધ એણે નહોતો કર્યો. એની ગરીબીએ કર્યો હતો. પણ એ ગરીબી એને ક્યાંથી મળી ?

રાજશાસન બરાબર ન હતું, માટે ત્યાં ગરીબી હતી.

એટલે જો કોઈને દેહાંતદંડ દેવો હોય તો, ખરી રીતે પોતાને જ દેહાંતદંડ મળવો જોઈએ.

રાજા અશોક વધારે ને વધારે ઊંડા ઊતરે છે. સત્ય વિચારમાં જતા જાય છે. એમના મનમાં પ્રશ્નોનો પ્રશ્ન જન્મે છે: 'છેવટે અપરાધ જન્મે છે ક્યાંથી ?'

માણસની મનોવૃત્તિમાંથી. માણસની મનોવૃત્તિઓ ફેરવવામાં મેં શું ફાળો આપ્યો ?

કાંઈ જ નહિ ?

કારણ કે હું પોતે જ જ્યાં મારી મનોવૃત્તિને બરાબર સમજતો નથી, ત્યાં બીજાની મનોવૃત્તિને શું સમજવાનો હતો ?

મોટામાં મોટો અપરાધી તો હું પોતે જ છું.

મેં શાસનદંડ રાખ્યો છે. પણ લોકને સંસ્કાર આપ્યા નથી. અપરાધી હું છું, આ ગરીબ માણસ નહિ.

રાજા ઊંડા ને ઊંડા હજી ઊંડા ઊતરતા ગયા. વિગત-શોક જે માટે આવી રહ્યો હતો, એ એનું માનસ સમજતાં તો એમની આંખમાંથી આંસુની ધારા ચાલી નીકળી.

'ખલ્લાટક !' છેવટે મહારાજ બોલ્યા, 'આજથી ઘોષણા કરાવો. મગધદેશમાં દેહાંતદંડ નહિ !'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# શહેરની ઇજ્જત



અમદાવાદ શહેરની આબરૂના કાંકરા થઈ ગયા હતા અને તે પણ જેવાતેવાને હાથે નહિ. કાશ્મીરની કુંજોના આશક બાદશાહ જહાંગીરે અમદાવાદનાં ધૂળ–ગરમીથી ત્રાસી જઈને કહી નાખ્યું હતું : 'અરે! આ તે કાંઈ અમદાવાદ છે? આ તો ગર્દાબાદ છે.'

દિલ્હીના શહેનશાહના એ બોલનો પડઘો તો પછી હામશીભામશી બધા પાડવા માંડ્યા.

માંડ સો સપાઈ સફરાંનો નાયક હોય પણ 'તોબાહ! તોબાહ! ગર્દાબાદથી તોબાહ!' એમ બોલીને, અમદાવાદને ઉતારી પાડવા માંડ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બાદશાહની સવારીમાં અમદાવાદને એ વિશેષણ મળ્યું, તે જાણે પછી કાયમી થઈ ગયું.

પહેલાં તો શહેનશાહની સવારી ખંભાત બંદરે આવી હતી. અને એની તહેનાતમાં શાહજાદો શાહજહાં ખુદ પોતે છેક માંડુગઢથી આવ્યો હતો.

ખંભાતના દરિયામાં વહાણની સહેલ કરી, બાદશાહ જહાંગીર અમદાવાદ આવ્યો હતો.

એટલે તો અમદાવાદની ગરમી અને ધૂળ એને બહુ જ વસમાં જણાયાં. શહેર, બાદશાહને ગર્દાબાદ લાગ્યું. શહેરની ઇજ્જતને આ જેવોતેવો ઘા ન હતો.

એ વખતે અમદાવાદમાં વસંતઋતુની શરૂઆત હતી, અને પાનખરના અંતને લીધે ઝાડ પણ બધાં સુક્કાં ઠઠ જેવાં થઈ ગયાં હતાં. એટલે તો જાણે ક્યાંય છાંયો પણ ન હતો.

એ વખતે બાદશાહ અકબરના વજીર, બહેરામખાનની પૌત્રી ખેરૂન્નિસા બેગમ, અમદાવાદમાં રહેતી હતી. એના પિતા ખાનખાનાએ સરખેજમાં એક સુંદર બગીચો બનાવ્યો હતો.

ખેરૂન્નિસાને લાગ્યું કે, બાદશાહના મન ઉપર પડેલી છાપ ભૂંસી નાખવી જોઈએ.

શહેરમાં ગરમી હતી; ધૂળ હતી; તાપ પણ હતો. પણ એ તો કુદરતી આફત હતી. શહેરની ઇજ્જત તો શહેરીઓ પોતે છે. આ શહેરની ઉદ્યોગપ્રિયતાને ને અન્ય કલાકારીગરીને કોઈ ન પહોંચે. બાદશાહ સલામતને શહેરનો એ સાચો પરિચય આપવો જોઈએ. એટલે એક દિવસ એ બાદશાહની હજૂરમાં પહોંચી ગઈ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જઈને વિનંતી કરી કે ‘શહેનશાહે આલમ! શહેરમાં ધૂળ–તાપ છે. બાદશાહ સલામતને માટે આંહીં કાંકરિયા તળાવ ઉપર પણ જેવીતેવી ગરમી નથી. એટલે બાંદીની અરજ છે કે, બાદશાહ સલામત, મારા બગીચામાં પધારે.’

બાદશાહ સલામતે એની અરજ તો સ્વીકારી, અને થોડા દિવસ પછી એના બગીચામાં જવાનું નક્કી થયું.

ખેરૂન્નિસા બેગમે તો રાત ને દિવસ એક કરી બાગને શણગારવા માંડ્યો. ચારે તરફ ઠંડું પાણી લઈ જતા જળના ધોરિયા વહેતા હોય, તેવી રચના કરી. ઠેર ઠેર ફુવારા મુકાવ્યા. અને એવી તો અદ્‌ભુત રચના ત્યાં કરી કે જોનાર બે ઘડી દંગ થઈ જાય.

બહાર કુદરત ભલે હજી માંડ માંડ પાન–ફૂલ પ્રગટાવતી હોય પણ આંહીં ખેરૂન્નિસાના બાગમાં તો કુદરત પૂર બહારમાં ખીલી હતી. કેસૂડાં ઉપર કેસૂડાં ખીલ્યાં હતાં. રંગરંગનાં ફૂલ સુંદર વેલીઓને લટકતાં હતાં. અરે! ક્યાંક ક્યાંક તો અકાળે આમ્રફળ પણ જાણે આવ્યાં હતાં. અને એવી તો સુંદર અંગૂર લટકતી હતી, કે ભલભલાનાં મોંમાં પાણી છૂટે.

ખેરૂન્નિસાએ તો પાણીના પેઠે પૈસા વાપરીને શહેરની ઇજ્જતનો કોટ બાંધવા માંડ્યો હતો.

એણે તો આખા ગુજરાતમાંથી જે હોંશિયારમાં હોંશિયાર કારીગરો હતા, તે બધાને ભેગા કર્યા હતા.

આવો સુંદર બગીચો બનાવી, પોતે જાતે જઈને જહાંગીર બાદશાહને ખુદને ત્યાં આવવાનું આમંત્રણ આપી આવી.

બાદશાહની સવારી ત્યાં આવી. આખે રસ્તે તો ધૂળ ઊડતી હતી, પણ જ્યાં બાદશાહી સવારી આંહીં આવી, ત્યાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તો ત્યાંની રચના જોઈને માત્ર બાદશાહ જ નહિ, ખુદ દરબારીઓ પણ મોંમાં આંગળાં નાખી ગયા.

શું સુંદર બગીચો હતો? અને શું સુંદર ફૂલ ખીલ્યાં હતાં?

માણસને મન તૃપ્ત થઈ જાય તેવી બારમાસી વનસ્પતિ ત્યાં હતી. ફુવારા ઊડતા હતા, જળ વહી રહ્યાં હતાં. જાણે ખુદ કાશ્મીરને આંહીં ઉતાર્યું હોય, એવી અદ્‌ભુત રચના ત્યાં દેખાતી હતી.

બાદશાહ તો બગીચામાં ફરવા માંડ્યા. મોટેથી આફ્રીન! આફ્રીન! બોલે છે, ને બગીચાની રચના જોઈને, છક્ક થઈ જાય છે.

આવો બગીચો ગુજરાતમાં છે, એ જોઈને એમનું મન પ્રસન્ન પ્રસન્ન થઈ ગયું. પોતે શાહજાદા હતા ત્યારે પૈસાની મુશ્કેલી ખુદ ખંભાત બંદરે અળસાવી હતી. શહેનશાહ અકબરે હુકમ કર્યો હતો કે શાહજાદા સલીમને ખંભાત બંદરની આવકમાંથી દર વર્ષે એક લાખ આપતા રહેવા.

દિલ્હીના બાદશાહ તો એ હિન્દુસ્તાનમાં કહેવાતા, બાકી પરદેશી તો તમામ જાણતા કે, એ સુરત–ખંભાતના બાદશાહ છે. અને સુરત–ખંભાત એ આખા દેશનું નાક છે.

આ ખંભાતની આટલી નજીક અમદાવાદમાં આવો સુંદર બગીચો છે, એ જોઈને બાદશાહનું મન તો રાજી રાજી થઈ ગયું.

અને ખેરૂન્નિસા પણ છેવટે તો પોતાના પિતા અકબરના વજીર બહેરામખાનની પૌત્રી હતી. એટલે બાદશાહ તો ડગલે ને પગલે બગીચા ઉપર આફ્રીન પુકારી રહ્યો.

એક ઠેકાણે ફરતા ફરતા બાદશાહ આવ્યા. ત્યાં તો શું સુંદર ફૂલો ખીલ્યાં હતાં, કે ગમે તેવા માણસનું દિલ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ ખુશ ખુશ થઈ જાય.

શહેનશાહ એ જોઈને દિંગ થઈ ગયા. એક વેલી ઉપર એવું તો સુંદર એક નાજુક ફૂલ લટકતું હતું, કે તે તોડવા માટે ખુદ પોતે આગળ વધ્યા.

પણ એ જ્યાં વેલની પાસે પહોંચ્યા, ત્યાં ખેરૂન્નિસા પોતે ગોઠણ ઉપર નમીને માફી માગતાં બોલી ઊઠી: ‘ શહેન-શાહે આલમ ! બાંદીનો ગુનો માફ થવો ઘટે. શહેરની ઇજ્જત, શાહેઆલમ ! શહેરીઓ છે. અને શહેરીઓની ઇજ્જત, એમની કલાકારીગરી છે. ગરીબ બાંદીની અરજ છે શહેનશાહ ! કે ફૂલ તોડીને બાંદીની બેઇજ્જતી કરવી ન ઘટે ! ’

બાદશાહ તો નવાઈ પામી ગયો. એણે પૂછ્યું : ‘ અરે ? ફૂલ તોડવામાં બેઇજ્જતી, એ શું ? એ વાત તો આજે જ સાંભળી ! ’

‘ શાહેઆલમ ! શહેરની ઇજ્જત સાચવવા આ બાગ રચ્યો છે. પાનખર ઋતુ છે. ક્યાંય ફૂલ નથી. આ ફૂલ, પાંદડાં, ફળ બધાં જ ખુદાવંદ ! કાગળનાં છે ! પણ શહેરની ઇજ્જત, ઇન્સાન છે. ઇન્સાનની ઇજ્જત એની કારીગરી છે. બેઅદબી માફ કરવી ઘટે શાહેઆલમ ! ’

બાદશાહ જહાંગીર તો આ સાંભળીને છક્ક થઈ ગયો.


એને થઈ ગયું શહેરમાં ધૂળ હશે, પણ શહેરીઓ ધૂળમાંથી કાંચન કરે તેવા છે. શહેર ગર્દાબાદ હશે, પણ શહેરીઓ તો ખુદ ફિરસ્તાને પણ મોંમાં આંગળાં નખાવે એવા ખાસ કારીગર છે.

બાદશાહ ક્યાંય સુધી આ કલાકારીગરી જોતો જ રહ્યો.

એણે તમામને માટે, માન–અકરામ આપવાના તરત હુકમ કઢાવ્યા.

• • •

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust



Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust